
વર્ષ : ૩૯ ◆ અંક : ૧
જાન્યુઆરી - ૨૦૧૫

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



ભગવાન મહાવીર
વિમલનીલય
બીલવા (જયપુર)

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થા આયોજિત જયપુરની ધર્મયાત્રાની તસવીરો
(તા. ૩-૧૨-૨૦૧૪ થી તા. ૮-૧૨-૨૦૧૪)



પૂજ્યશ્રીના શુભાશીર્વાદપૂર્વક યાત્રાનો પ્રારંભ



પદમપુરા તીર્થ (જયપુર)



શ્રી સાંગાનેર તીર્થ (જયપુર)



નવગ્રહમંદિર



પૂ. મુનિશ્રી ૧૦૮ સુધર્મસાગરજી

-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ટાબેન એમ. સોનેજી**

ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ .......... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) ગુણગ્રાહ્યદૃષ્ટિનો વિકાસ .... પૂ.શ્રી આત્માનંદજી ...... ૬

(૩) પાંચ તોફાની અશ્વો .... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ..................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૨

(૫) સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો ... પૂજ્ય બહેનશ્રી .... ૧૬

(૬) શ્રી આનંદઘન ચોવીશી... શ્રી અશોકભાઈ શાહ .... ૧૮

(૭) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૨

(૮) સમ્યગ્દર્શન ..............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૬

(૯) મા-બાપની દુઆ ........ શ્રી પારૂલબેન ગાંધી .... ૨૯

(૧૦) ન્યાયસંપન્ન વૈભવ ............................ ૩૨

(૧૧) પુસ્તક સમાલોચના ...... શ્રી મિતેશભાઈ શાહ .... ૩૩

(૧૨) Yuva Times ............................................ ૩૪

(૧૩) જયપુરની તીર્થયાત્રા .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૩૫

(૧૪) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૮

**વર્ષ : ૩૯ જાન્યુઆરી, ૨૦૧૫ અંક - ૧**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

mail@shrimadkoba.org

www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.

**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩



# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

એમ કહેવાય છે કે, ''સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ.'' એ વાંચીને અમને આપના માટે એક એવી વિચારણા જાગી કે આપનામાં પણ સર્વ સમર્થ પુરુષો, મહાપુરુષો અને જ્ઞાનીઓના ગુણોનો સમન્વય થયેલો જોવામાં આવે છે, તો એ માટે શું કહી શકાય ? સૂર્યના તેજને, ચાંદનીની શીતળતાને અને સત્પુરુષોના સાન્નિધ્યને કઈ ઉપમાથી નવાજી શકાય ? કદાચ કોઈને એમ લાગે કે આપના માટેનો અનુરાગ અમને આપ કહેવા માટે પ્રેરે છે, પરંતુ એવું નથી. આપના જીવનકાળ દરમ્યાન આપના સંગ-પ્રસંગમાં આવનાર કેટલાયે જીવો આ વાતના સત્સાક્ષી હતા અને ત્યારપછીના સંતો અને સત્પુરુષોએ પણ આ વાતને સમર્થન આપ્યું છે. આપનામાં, શ્રી આદિનાથ જેવી અચળતા, શ્રી વીરપ્રભુ જેવી વીરતા, ગુરુ ગૌતમ જેવું જ્ઞાન, ભરત ચક્રવર્તી જેવી અનાસક્તિ, કુંદકુંદાચાર્યજી જેવી શુદ્ધિ, ઉમાસ્વામી જેવી બુદ્ધિ, અમૃતચંદ્રાચાર્યજી જેવી અનુભૂતિ, જયસેન આચાર્ય જેવી દૃષ્ટિ, પૂજ્યપાદસ્વામી જેવી સમાધિ, સમંતભદ્રાચાર્યજી જેવી યુક્તિ, માનતુંગસૂરિ જેવી ભક્તિ, પંડિત બનારસીદાસ જેવી મસ્તી વગેરે આપના જીવન-કવન અને અંતરચારિત્રમાં દૃષ્ટિગોચર થાય છે. અમને કહેવાનું મન થાય છે કે -


''અતિ પ્રતિભાવંત પુરુષનો થયો જોગ દુષમકાળમાં,
અહો ! ભાગ્ય જાગ્યાં ભવ્ય જીવોના, સાચો રાહબર સાંપડ્યો,
દૃષ્ટિતણી વિશાળતા, અને હૃદયની અતિ સૌમ્યતા;
મહાસંતોના અનુપમ ગુણોનો સાચો સંગમ અહીં થયો !''

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૧૯૪



**મુંબઈ, પોષ, ૧૯૪૭**

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?

એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી અટકે એ માટે જે કંઇ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.

અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

### સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઇ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

[1]સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્મનો ! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું ? તો કે નિશ્ચય કહીએ છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

[1]સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :- ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

**आणाए धम्मो आणाए तवो ।**

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઇ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઇ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઇ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.

બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઇ યોગ્ય હોય તે જણાવાય.

---

૧. પ્રથમ શ્રુતસ્કંધ દ્વિતીય અધ્યયન ગાથા ૩૧-૩૨

# ગુણગ્રાહ્યદૃષ્ટિનો વિકાસ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



"ગુણથી ભરેલા ગુણીજન દેખી,
હૈયું મારું નૃત્ય કરે;
તે સંતોના ચરણકમળમાં,
મુજ જીવનનું અર્ધ્ય વહે."

ગુણાનુવાદ, ગુણપ્રમોદ અને ગુણગ્રહણ ભૂમિકા અનુસાર આપણા જીવનમાં પરિણમવાં જોઈએ.

### (૧) ગુણાનુવાદ :

કળિયુગમાં જન્મ્યા હોવાથી આપણા બધામાં અનેક દોષો છે તેથી જો આપણે બધામાં દોષો જોવા બેસીએ તો તેનો અંત આવશે નહિ અને બધાના દોષો જોઈશું તો તે બધાના દોષો આપણા જીવનમાં પાછલા બારણાંથી ઘૂસી જશે અને તેની આપણને ખબર નહિ પડે ! કહેવત પણ છે કે,

"જેવો સંગ તેવો રંગ"

"જેવા વિચાર તેવા આચાર."

શ્રી કબીરદાસજીએ પણ કહ્યું છે,

"બુરા જો દેખન મૈં ચલા, બુરા ન મિલીયા કોઈ;
જો ઘટ દેખા આપ મેં, મોસુ બુરા ન કોઈ."

પ્રત્યેક વ્યક્તિમાં ઓછા-વત્તા અંશે ગુણ-દોષોની મુખ્યતા હોય છે. માટે આપણે પ્રત્યેક વ્યક્તિમાં રહેલા ગુણોને જોવાની સુટેવ વિકસાવવી. શ્રી લાલાજી રણજીતસિંહજી કૃત 'બૃહદ્ આલોચના'માં પણ કહ્યું છે,

"અવગુણ ઉર ધરીએ નહીં, જો હુવે વિરખ બબૂલ,
ગુન લીજે કાલુ કહે, નહિ છાયામેં શૂલ."

### (૨) ગુણપ્રમોદ :

આપણે કોઈના ગુણો વિષે માત્ર બોલીએ છીએ કે વાસ્તવમાં આપણને તેમનામાં એવા ગુણો છે એવું લાગે છે ? ગુણપ્રમોદ ભાવ અંતરમાં પરિણત થવાના ચાર સોપાન છે :

૧. બોલવું ૨. લાગવું ૩. સમજવું ૪. તે અનુરૂપ ચાલવું.

(૧) **બોલવું :** માત્ર વાણીથી ગુણો વિશે બોલી જવું. દા.ત. પોપટ રામ-રામ એમ આખો દિવસ બોલે છે પણ તેને ખબર નથી કે રામ એટલે શું ? તેને તો એમ કે રામ એટલે કાંતો જામફળ અથવા લીલું મરચું, એમ આપણે પણ પોપટની માફક તોતારટણ કરી જઈએ છીએ. તે બોલતા સમયે અંદર કેવા ભાવ રહે છે તેનું નિરીક્ષણ કરવું. જેવા ભાવ હશે તેવા પ્રકારે કર્મનો બંધ થશે.

(૨) **લાગવું :** આપણે કોઈના ગુણો વિશે બોલીએ ત્યારે તેના જીવનમાં તેવા ગુણો થોડા કે વધારે અંશે પ્રગટેલા જણાય અથવા કોઈના વિશ્વસનીય દ્વારા માહિતી પ્રાપ્ત થાય કે ફલાણા ભાઈ કે બહેનમાં સદ્‌ગુણો હતા એમ ભીતરથી સામેની વ્યક્તિ ગુણિયલ છે એમ લાગે તો તેમના ગુણો અનુસાર બોલતા અંદરથી 'ભાવ' પણ તેવા વિશુદ્ધ થાય. અથવા આપણે જે કાંઈ શાસ્ત્ર વાંચીએ છીએ તેમાં જે કહ્યું છે તે મારા માટે કલ્યાણકારી છે એમ લાગવું જોઈએ.

(૩) **સમજવું :** આપણે જે કંઈ બોલીએ તેનો અર્થ પણ સમજવો જોઈએ. અર્થ સમજ્યા પછી તેનો પૂર્વાપર વિચાર કરવો કે ઉપરની લીટીઓમાં શું કહ્યું છે ? તથા તેના પછીની લીટીઓમાં આચાર્ય ભગવાન શું કહેવા માગે છે ? એમ પૂર્વાપર જાણીને

સમજવું તથા સમજ્યા પછી યથાર્થપણે તેના પર વિચારવું એટલે કે તેની અનુપેક્ષા કરવી.

(૪) **ગ્રહણ કરવું :** સમજણ પાકી કરવા જે અનુપેક્ષા કરી તે પ્રમાણે હવે આપણે આપણું જીવન બનાવવું. એટલે કે તે પ્રમાણે અનુસરવું. જીવનમાં ઉતારવું એટલે કે શરીરથી વાણીથી, મનથી અને અભિપ્રાયથી તેને જીવનમાં તાણા-વાણાની જેમ વણી લેવું.

આવું આપણે કરીએ તો આપણને ગુણિયલજનોના ગુણોની જે અનુમોદના કરી, તેનું પારમાર્થિક ફળ મળે અને આપણું જીવન દિવ્ય બને એટલે કે જીવન આખું બદલાઈ જાય. દેવ, ગુરુ તથા ભક્તોના જો ઘણા ગુણો ગાઈએ તો પણ જો જીવનમાં પરિવર્તન આવે નહિ તો તેઓના માટે શ્રી અખા ભગત કહે છે,

"તિલક કરતાં ત્રેપન ગયા, ને જપમાળાના નાકા ગયા,
કથા સુણી-સુણી ફૂટ્યા કાન, તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન."

આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પહેલા ઘણી બધી શ્રેણીઓમાંથી પસાર થવું પડે છે. ઉત્તરોત્તર વધતી ગુણશ્રેણી અને પ્રબુદ્ધતા જ્યારે પ્રગટે છે ત્યારે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ભૂમિકા બને છે અને તે ભૂમિકામાં આગળ વધતા વધતા નિજ સ્વરૂપ અને દૃષ્ટિનો લક્ષ પાકો થાય અને ત્યારપછી મોહનો નાશ થતાં આત્મજ્ઞાનરૂપી સૂર્ય અને પરમશાંતિનો અનુભવ જીવનમાં પ્રગટે છે. આપણી ભૂમિકામાં વૃદ્ધિ કરવા અર્થે સાચું અને સારું જીવનમાં જ્યાંથી મળે ત્યાંથી ગ્રહણ કરવાં માટે સદૈવ તત્પર રહવું જોઈએ, તેમ કરવામાં વધારે તર્ક કે કુતર્ક કરવા નહિ. આપણને એમ થાય કે સૌ જીવોમાંથી સદ્‌ગુણો ગ્રહણ કરવાં તો આ કીડી અને ગધેડા આદિમાંથી આપણે શું શીખવાનું ? ત્યારે મહાપુરુષો આપણને દૃષ્ટિ આપતા કહે છે કે ભાઈ, કીડી પાસેથી નિરંતર ઉદ્યમ કરવાનો બોધ લેવો. ગધેડા પાસેથી એમ શીખવું કે ઓછામાં ઓછું બીજા પાસેથી લો અને પોતાના માલિકને સૌથી વધારેમાં વધારે આપો. વેદાંતમાં ગુરુદત્તાત્રેયની વાર્તા આવે છે કે તેમણે ૨૪ ગુરુ કર્યા હતા. અહીં ગુરુનો અર્થ એવો છે કે જેમના જીવનમાંથી આપણે સદ્‌ગુણો ગ્રહણ કરી શકીએ અને તે ત્યારે જ બને કે જ્યારે આપણે એમની સમીપે રહીએ અને તેમને ઓળખીએ. આ આખું વિજ્ઞાન છે; જેને પરમતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃત પત્રાંક -૧૭૨માં છ મુદ્દામાં બતાવ્યું છે,

૧. નિરંતર ઉદાસીનતાનો ક્રમ સેવવો;
૨. સત્પુરુષની ભક્તિ પ્રત્યે લીન થવું;
૩. સત્પુરુષોનાં ચરિત્રોનું સ્મરણ કરવું;
૪. સત્પુરુષોનાં લક્ષણોનું ચિંતન કરવું;
૫. સત્પુરુષોની મુખાકૃતિનું હૃદયથી અવલોકન કરવું;
૬. તેનાં મન, વચન, કાયાની પ્રત્યેક ચેષ્ટાના અદ્‌ભુત રહસ્યો ફરી ફરી નિદિધ્યાસન કરવાં; તેઓએ સમ્મત કરેલું સર્વ સમ્મત કરવું.

આમ, સદ્‌ગુરુ સ્વરૂપ સમજવું, બાકી ઉપર ઉપરથી તેમને સારું લગાડવા માટે કંઈ કહીએ તો તેનું ફળ પણ એટલું જ 'ભાવ' પ્રમાણે મળે છે અને એમાં પણ જો કોઈ ખોટો કે માયાચારનો 'ભાવ' હોય તો પુણ્યને બદલે પાપનો બંધ થાય. પરિણામ ભૂલથાપ ખાતું નથી. કર્મ કોઈની શરમ રાખતું નથી. કર્મના ભોગવટામાં જો તીર્થંકર પણ કંઈ ફરક પાડી શકતા નથી, તો બીજાની તો વાત જ શું ? એમ સત્યને સમજવું અને તેને અનુસરવું. તમે ગમે તેટલી સાધના કરી હોય, ગમે તેટલા મોટા જ્ઞાની કે શ્રાવક, સંઘપતિ કે મુનિ હો, આચાર્ય હો કે ગણાધિપતિ હો પણ જો સામાન્ય રીતે જ્યારે મૃત્યુ આવે ત્યારે આત્માની જાગૃતિપૂર્વક, પરમાત્મા

અને સદ્‌ગુરુના સ્મરણ અને અવલંબનપૂર્વક મૃત્યુ થાય તો મૃત્યુ તે મહોત્સવ બને. મૃત્યુ તે એક શોકનો પ્રસંગ ન બનતા તેને જ્ઞાનીઓ મંગલમય ઉત્સવરૂપ બનાવે છે. જ્ઞાની પુરુષને ગમે તેટલી તકલીફ પડે તો પણ તેઓ સમભાવને છોડતા નથી. સંતો કહે છે,

"છો ને આ દર્દ વધે, હું મોત નહિ માગું,
વળી છેલ્લા શ્વાસ સુધી, હું ધર્મ નહિ ત્યાગું,
રહે ભાવ સમાધિનો, એવી અંતિમ પળ દેજે."

અજ્ઞાની જીવ જીવન દરમ્યાન એવું વિચારે છે કે હમણાં આપણે અહીં તપાદિ કરી ઘણા દુઃખો સહન કરી લઈએ ત્યારબાદ મૃત્યુ પછી આપણને ઘણા સુખો મળશે; તો ભગવાન કહે છે કે એવું નથી ભાઈ, ધર્મનું ફળ રોકડું છે અને પરલોકમાં પણ ધર્મના ફળરૂપે સુખની પ્રાપ્તિ થાય છે. ભગવાને કહેલા ધર્મને જે સમજણપૂર્વક આરાધે છે તેને વર્તમાનમાં પોતાના પુરુષાર્થને અનુરૂપ શાંતિ, સમતા, સંતોષ તથા પ્રસન્નતાનો અનુભવ થાય છે. મહાવીર ભગવાન મહેલમાં જે સુખ અનુભવતા હતા તેના કરતાં અનેકગણું સુખ તેઓ વનમાં અનુભવતા હતા અને તેથી જ તેઓ દીક્ષા ગ્રહણ કરે છે. શ્રીરામચંદ્રજી સવારે રાજા બનવાના હતા પણ સવાર પડતા અયોધ્યાની પ્રજા પણ ન રહ્યા, છતાં તેનો હૃદયમાં જરા પણ ક્ષોભ કર્યા વિના વનમાં જવા તૈયાર થઈ ગયા ! તેઓ જ્યારે વનમાં જતા હતા ત્યારે બધા રડતા હતા, એક માત્ર તેઓ જ રડતા ન હતા ! આ ધર્મનું ફળ છે. ચારેય ગતિમાંથી કોઈ પણ ગતિમાં સાચું સુખ નથી પણ વર્તમાનમાં જેટલો અંતરમાં સાચો ધર્મ પ્રગટ્યો હોય તેટલું સુખ મળે છે અને તે સુખ વધતા વધતા ક્રમે કરીને તે પૂર્ણતાને પામે છે. માટે એવા સુસંસ્કારો, જ્ઞાન અને ધર્મની પ્રભાવના, તત્ત્વનો અભ્યાસ અને સૌ કોઈને ઉપયોગી થવાની તત્પરતા જેવા અનેક સદ્‌ગુણો જીવનમાં પ્રગટાવવાનો સંકલ્પ કરવો. એક ગુલાબનું આખું ફૂલ જેમ અલગ-અલગ પાંખડીઓનું બનેલું છે તે પાંખડીઓને જો આપણે અલગ કરીએ તો ફૂલનું અસ્તિત્વ જ સમાપ્ત થઈ જાય છે, તેમ આત્મા તે પણ અનેક ગુણોનો બનેલો છે. પ્રત્યેક ગુણ તે આત્માના જ છે. માટે જેમને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું હોય તેમના માટે પ્રથમ સદ્‌ગુણોને પ્રગટાવવા અનિવાર્ય છે. સદ્‌ગુણો પ્રગટાવવા અર્થે ગુણગ્રાહક દૃષ્ટિ વિકસાવવી જરૂરી છે. આમ, આપણે જેમ જેમ મોક્ષમાર્ગમાં આગળ વધતા જઈશું તેમ તેમ પાપ ઘટતાં જશે. એવો તેનો અવિનાભાવી સંબંધ છે. તેમ કરતાં એકબાજુ કષાયો મંદ પડતા જાય છે અને બીજી બાજુ તત્ત્વની પકડ અને તત્ત્વનું અનુસંધાન, તત્ત્વની સ્થિરતા અને તત્ત્વનો અનુભવ થતો જાય છે.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

## જીવન કા સાર

**રચયિતા : બા.બ્ર. અલકાબેન**

**રહો ચેતન ચિદાનંદ મેં, જીવન કા સાર ઈસમેં હૈ,**
**જીવન કા સાર ઈસમેં હૈ, પ્રભુ કા પ્યાર ઈસમેં હૈ.**

**જીવન મેં લોભ તૃષ્ણા સે સુખો કા સ્વાદ નહીં મિલતા,**
**કરો અગણિત યતન ફિર ભી દુઃખો કા દર્દ નહીં મિટતા;**
**લહો નિજ આત્મ કા આનંદ, જીવન કા સાર...**

**જગત મેં કોઈ કુછ ભી તો કભી ભી ના તુમ્હારા થા,**
**મોહ કે નૈન ને દેખા, સુનહરા એક સપના થા,**
**જગાઓ નૈન નિજાનંદ કે, જીવન કા સાર...**

**પ્રશંસા કે સુમન બિખરે, તો મન મેં માન મહકાયા,**
**મિલે નિંદા કે કુછ સ્વર, તો હૃદય મેં દ્વેષ અકુલાયા,**
**રહો સમતા મેં સહજાનંદ, જીવન કા સાર...**

પરમનો સ્પર્શ - ૬૩

# પાંચ તોફાની અશ્વો અને બેલગામ સારથિ !

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

એ કલ્પના સહુને વિદિત છે કે પાંચ ખૂંખાર, તોફાની અને અત્યંત ધમાલિયા અશ્વોવાળો રથ ધસમસતો જઈ રહ્યો હોય અને એ રથ પર એનો સારથિ અશ્વોને પોતાની ઇચ્છા પ્રમાણે આમતેમ દોડાવતો અને કૂદાવતો હોય. આ પાંચ અશ્વ એટલે આપણી પાંચ ઇંદ્રિયો અને એના પરનો સારથિ એટલે આપણું મન. આ મન ઇચ્છે તે પ્રમાણે આપણી ઇંદ્રિયોને દોડાવે છે અને એ અશ્વરૂપી ઇંદ્રિયો જો હાંફી જાય, તો એને આગળ ધપાવવા માટે નિર્દય બનીને ચાબૂક ફટકારે છે. એ થાકી જાય તો એની લગામ કચકચાવીને જોરથી ખેંચે છે અને એ અશ્વો દોડતા દોડતા પડી જાય, તો એને બળજબરીથી ઊભા કરીને દોડાવ્યે રાખે છે.

આ ઇંદ્રિયો કરે છે શું ? એ માનવીને પોતે નિર્ધારિત કરેલી દિશામાં દોડાવ્યે રાખે છે. ઇંદ્રિયનો ગુલામ માનવી માત્ર એક જ ઇંદ્રિયની ઇચ્છા સંતુષ્ટ કરવા જતા થાકીને લોથપોથ બની જાય છે, ત્યારે અહીં તો પાંચ-પાંચ ઇંદ્રિયો હોય છે, જે માનવીને આમતેમ દોડાવતી, ફંગોળતી, ઉછાળતી, થકવતી, ઉશ્કેરતી રહે છે. નાકની ઇંદ્રિય સતત સુગંધની શોધ કરતી હોય છે. સુગંધ આવે એટલે એ ઇંદ્રિયને એનો સંતર્પક અનુભવ થાય છે. એ પુષ્પ સાથે જોડાય છે. ઇંદ્રિયોમાં આંખનું એક આગવું રૂપ છે. આંખ બે બાબત ધરાવે છે - એક છે પ્રતિબિંબ અને બીજી છે પ્રભાવકતા. વ્યક્તિનું જે ભીતર હોય છે, એનું પ્રતિબિંબ આંખ બને છે. તમારા ભીતરમાં વાસના ખદબદતી હશે, તો એ આંખમાં છલકાવા લાગશે. તમારા હૃદયમાં સંતો તરફ આદર હશે, તો એ સંતને જોતાં પ્રગટ થશે. ઈશ્વરભક્તિનો અગાધ સાગર અંતઃકરણમાં ઘૂઘવતો હોય તેવી વ્યક્તિ પ્રભુદર્શન પામે, ત્યારે એની આંખોમાંથી આનંદનો ધોધ વહેતો હોય છે.

આંખ એ વ્યક્તિનો સૌથી વધુ ગાઢ પરિચય આપે છે. એ એના ભીતરનું પ્રતિબિંબ છે એ સાચું, પરંતુ એના ભવિષ્યની ખોજ પણ છે. જો આંખમાં વાસના હશે, તો જોનારો આ જગતમાંથી બીજું બધું ત્યજીને માત્ર વાસના જ શોધી કાઢશે. જો એ આંખમાં વસ્તુઓની લાલસા હશે, તો જોનાર આ જગતમાં રહેલી વસ્તુઓને ઝીણી નજરે જોતો રહેશે. જો એ આંખમાં અધ્યાત્મભાવ વિહરતો હશે, તો જોનારની નજર આ જગતને જોશે ખરી, પરંતુ એના પ્રત્યે એક પ્રકારની ભૌતિક દુનિયા પ્રત્યેની ઉદાસીનતાનો અહેસાસ કરશે.

આમ, આંખ એ ભીતરનું પ્રતિબિંબ હોવાની સાથોસાથ બહારથી એ પ્રતિબિંબને પોષક સામગ્રી શોધતી હોય છે અને આથી જ આંખ વ્યક્તિના હૃદયમાં વસતા ભાવોને દર્શાવે છે.

આંખની ઇન્દ્રિયનું બીજું કામ છે પ્રભાવ. આંખ દ્વારા વ્યક્તિ સામેની વ્યક્તિને પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરે છે. કોઈ વિભૂતિની આંખનું તેજ વિશાળ જનમેદની પર પથરાઈ જાય છે. ભગવાન બુદ્ધની આંખોમાં વહેતી કરુણા સર્વત્ર પથરાઈ જતી હતી. સ્વામી વિવેકાનંદની આંખોનું તેજ સહુને આકર્ષક બનતું હતું. ઓશો રજનીશની આંખોમાં એક મંદ પ્રભાવકતા હતી. એનો અનુભવ એમને શ્રવણ કરનારાઓને હંમેશાં થતો હતો.

આંખની ઇંદ્રિય એ વ્યક્તિની બારી છે અને એ બારી બંને બાજુ ખૂલે છે. આંખથી એ ભીતરને જુએ છે અને આંખથી એ બહારની દુનિયાને પણ જુએ છે અને એથી જ આંખનો સંયમ એ અતિ કઠિન સંયમ હોવાથી શાસ્ત્રોએ વારંવાર એના પર ભાર મૂક્યો છે. એ ચક્ષુ-રાગ જગાવે છે, એ ચક્ષુરાગ વ્યક્તિને મહારાગી બનાવે છે. ઋષિ વિશ્વામિત્ર મેનકાથી મોહિત થાય છે અને એવા મોહના દૃષ્ટાંતો તમામ ધર્મોની કથાઓમાં મળે છે.

એ જ આંખ જ્યારે પરમનો સ્પર્શ પામીને પરમાત્માને જુએ છે, ત્યારે એનું રૂપ જુદું હોય છે. 'ઋગ્વેદ સંહિતા'માં કહ્યું છે,

पश्यदक्षण्वान न विचेतदन्धाः

અર્થાત્ 'જેની પાસે આંખ છે અને જે જ્ઞાની છે, એ જ દૃષ્ટિવાન છે, જ્યારે જ્ઞાન વિનાની વ્યક્તિ એ અંધ છે.'

જો કે અંધ તો એ છે કે જેની પાસે આંખની દૃષ્ટિ હોવા છતાં એ આંખનો દુરુપયોગ કરે છે. જેની પાસે દૃષ્ટિ હોવા છતાં એ દૃષ્ટિને વિષયવાસનામાં લીન રાખે છે. જેની પાસે નજર હોવા છતાં એ નજરને વ્યર્થ અને નિરર્થક બાબતોમાં ઘૂમાવતો રહે છે. વળી, આંખની ઇંદ્રિયની વિલક્ષણતા એ છે કે એ વ્યક્તિને સતત એની લાલસા અને ઇચ્છાઓ પાછળ ભટકતો રાખે છે.

આજે એને એક ચીજ લેવાની ઇચ્છા હોય અને એ બજારમાંથી ચીજ ખરીદે છે, પણ એની સાથોસાથ બીજી કોઈ મોંઘી વસ્તુ જુએ એટલે એને વળી એ મોંઘી વસ્તુ ખરીદવાનું મન થાય છે. આ રીતે આંખ એ એની ભૌતિક દોડમાં સહાયક અને માર્ગદર્શક બને છે. અન્ય ઇન્દ્રિયો લાલસા કે લિપ્સાની દોડમાં જેટલી સહાયક બનતી નથી, એટલી સહાયક આંખની ઇદ્રિય બને છે.

આંખ સતત રૂપને શોધતી રહે છે. એની શોધ માત્ર રૂપવાન સુંદરી સુધી જ સીમિત રહેતી નથી, પરંતુ રસ્તા પર, અખબારનાં પૃષ્ઠો પર કે ટેલિવિઝનની ચૅનલમાં પણ આંખ એ જ સ્વરૂપવાન સુંદરીઓને શોધતી રહે છે. આનું કારણ એ છે કે આંખ આકાર સાથે જોડાય છે. એને આકારનું આકર્ષણ હોય છે. વસ્તુમાં હોય કે વ્યક્તિમાં - બધે જ એ આકારને શોધે છે. આકારને શોધતી આંખને નિરાકાર ભણી વાળવી અતિ કઠિન છે.

જિહ્વા ઇન્દ્રિયને સ્વાદમાં રસ છે. આ ઇન્દ્રિય સતત સ્વાદિષ્ટ વાનગીઓ શોધતી હોય છે. સ્વાદ વ્યક્તિને ઘણો લલચાવનારો છે. વ્યક્તિ સ્વાદના શોખને કારણે અનેક બીમારીઓમાં સપડાતી હોય છે. સ્વાદ એને સતત ઉશ્કેરે છે. એ ઘરમાં બીમાર થઈને બેઠો હોય અને એને લારીના દાળવડા ખાવાનું મન થાય છે. મધુપ્રમેહથી પરેશાન હોય અને શીખંડ કે આઇસ્ક્રીમ ખાવાની ઇચ્છા થાય. પોતાની આ ઇચ્છાને સંતોષવા માટે એ અનેક માર્ગો અપનાવે છે. ઘરના સ્વજનોનો વિરોધ હોય, તો છાનામાના ક્યાંક છુપાઈને આસ્વાદ માણી લેતા હોય છે.

સ્વાદની એક ચળ કે ખંજવાળ હોય છે અને વ્યક્તિ જો સ્વાદેન્દ્રિયનો ગુલામ હોય, તો એ ચળને વશ થઈ જતો હોય છે. એનો આ શોખ ક્યારેક એટલી બધી હદે વકરી જાય છે કે એ સ્વાસ્થ્યના ભોગે જ નહીં, કિંતુ પ્રાણના ભોગે પણ સ્વાદની આદત છોડી શકતો નથી.

કર્ણેન્દ્રિયની મજા તો કંઈક ઓર જ છે. માનવીના મનને ગમતું હોય, તેને સાંભળવા માટે કાન સરવા કરીને બેસે છે અને અણગમતું હોય તે સાંભળવાને બદલે તેને ન સાંભળ્યું કરતો હોય છે. વ્યક્તિએ પોતે જે વાત, વિચાર કે અભિપ્રાયનો સ્વીકાર કર્યો હોય, તેને બીજા પાસેથી સ્વીકારવાનું

**કાનને ગમે છે. કથા સાંભળનાર કથાના દીર્ઘ પટમાંથી પોતાને ગમતી, માનતી કે ફાવતી વાતને જ ગ્રહણ કરશે. કોઈ કાનને સંગીત ગમે છે, તો કોઈની નિંદા પણ પસંદ પડે છે. જેટલો આનંદ કલાશોખીનને સંગીત સાંભળતા થાય છે, એટલો જ આનંદ નિંદાખોરને કોઈની નિંદા સાંભળતા થાય છે.**

**પાંચમી ઇન્દ્રિય છે સ્પર્શ અને આ ઇન્દ્રિય હંમેશાં સુંવાળા, મુલાયમ સ્પર્શને માટે આતુર હોય છે. આ સ્પર્શ એને માટે કામોત્તેજક પણ હોય છે. સ્પર્શ દ્વારા વ્યક્તિ પોતાના અન્ય સાથેના સંબંધો પ્રગટ કરતી હોય છે. આજના યુગમાં સ્પર્શનું વિશેષ મહત્ત્વ છે અને સ્પર્શની પોતાની એક ભાષા છે. વ્યક્તિને જાડા, ખરબચડાં વસ્ત્રો નહીં ગમે, પરંતુ રેશમી વસ્ત્રો સાથે એનું મન જોડાઈ જશે.**

**ઇંદ્રિયોનો આ વ્યાપાર ઘણો મોટો છે. એનો અનુભવ વર્તમાનમાં થાય છે, પરંતુ એ વ્યક્તિને છેક એના ભૂતકાળથી માંડીને આવનારા ભવિષ્યકાળ સુધી લઈ જાય છે અને તેથી ભૂતકાળનો કોઈ સ્પર્શ એને ભવિષ્યના સ્પર્શ માટે ઉત્તેજિત કરતો હોય છે. ભૂતકાળમાં અનુભવેલી વાસના એને ભવિષ્યની વાસના તરફ દોરી જાય છે.**

**આમ, એકને બદલે પાંચ-દોડતા અશ્વો જેવી ઇન્દ્રિયોને કાબૂમાં રાખવી મુશ્કેલ હોય છે અને તેમાં વળી આ ઇન્દ્રિયો ક્યારેક પાછા પગે ભૂતકાળમાં દોડી જાય છે, તો ક્યારેક ભવિષ્ય તરફ ધસી જાય છે. એનો સારથિ મન એને આને માટે મોકળાશ આપે છે. પાંચ તોફાની અશ્વો અને જીવનરથના બેલગામ સારથિ મનને યોગ્ય માર્ગે અને દિશામાં વાળવા એ જ ઍવરેસ્ટ-વિજય સમો દરેક માનવીને પડકાર હોય છે.**

■ ■ ■

## શ્રી આનંદઘન ચોવીસી

(પાના નં. ૨૧ પરથી ચાલુ...)

અનંત આનંદના પીંડરૂપ આનંદઘન, મોક્ષપદને પામે છે. પ્રભુ તો ખરેખર વીતરાગી છે, તેથી કૃપાદૃષ્ટિથી કોઈને મોક્ષ આપી ન શકે. વળી, આત્માની શુદ્ધતારૂપી મોક્ષ લેવા-દેવાની ચીજ નથી, સ્વયં પ્રગટાવવાની વસ્તુ છે. પણ અહીં ''મહેર નજર'' - કૃપાદૃષ્ટિ એટલે તેમના હિતોપદેશકપણાનો એવો પ્રભાવ છે કે તે સર્વોત્તમ નિમિત્તના આશ્રયથી અને ગુણગાનથી સાધકના જીવનની દિશા બદલાય છે, આત્મા નિર્મળ થાય છે, સંયોગદૃષ્ટિ હટાવીને તે સ્વભાવ સન્મુખ થાય છે અને પ્રભુની આજ્ઞા પ્રમાણે સમ્યક્ પુરુષાર્થ કરતો તે અવશ્ય આનંદઘનપદને પામે છે અને ત્યારે તે સાધકને પ્રભુનો અનંત ઉપકાર વેદાય છે, ઉત્તમ વિનયગુણ પ્રગટે છે અને કર્તાબુદ્ધિ વિલીન થતાં તે કહે છે કે આ કાર્ય તો દીનબંધુ એવા પ્રભુની 'મહેર નજરથી' થયું છે !

આનંદઘનજી મહારાજનો અનંત ઉપકાર છે કે અનંત દોષોના મૂળ કારણરૂપ અઢાર દોષો પ્રત્યે આપણને જાગૃત કર્યા, તે દોષોથી રહિત પ્રભુનું સ્વરૂપ બતાવી પ્રભુભક્તિનું અપૂર્વ પાથેય આપ્યું અને નિષ્કામ પ્રભુભક્તિથી પ્રભુની કૃપાદૃષ્ટિ મેળવીને સત્પુરુષાર્થ વડે આપણે પણ પ્રભુ જેવા જ આનંદઘન પદને પામી શકીએ છીએ એવો વિશ્વાસ જગાડ્યો. તેથી આનંદઘનજીને કોટિ કોટિ વંદન કરી આ સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. આ સ્તવનના અર્થ-ભાવાર્થમાં મારાથી અલ્પજ્ઞતાને વશ આનંદઘનજીના આશયથી કે વીતરાગ પ્રભુના માર્ગથી કંઈપણ ઓછું-અધિકું લખાયું હોય તો સર્વ સત્પુરુષોની સાક્ષીએ ક્ષમાયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

(ઇતિ શ્રી મલ્લિનાથ જિનસ્તવન વિવેચન સમાપ્તમ્)

● ● ●

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૨૨)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમાનંદ સિન્ધુ, જ્ઞાનવારિધિ, સુખસાગર, આનંદસમુદ્ર પરમકૃપાળુદેવ પત્રાંક ૫૬૯માં ગહન જ્ઞાનગંગા વહાવતાં આલેખે છે, ''સર્વ કલેશથી અને સર્વ દુઃખથી મુક્ત થવાનો ઉપાય એક આત્મજ્ઞાન છે. વિચાર વિના આત્મજ્ઞાન થાય નહીં, અને અસત્સંગ તથા અસત્પ્રસંગથી જીવનું વિચારબળ પ્રવર્તતું નથી, એમાં કિંચિત્માત્ર સંશય નથી. આરંભપરિગ્રહનું અલ્પત્વ કરવાથી અસત્પ્રસંગનું બળ ઘટે છે; સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે. અસત્સંગનું બળ ઘટવાથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય છે; અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવસ્વરૂપ સર્વ કલેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે ; એ વાત કેવળ સત્ય છે. જે જીવો મોહનિદ્રામાં સૂતા છે તે અમુનિ છે; નિરંતર આત્મવિચારે કરી મુનિ તો જાગૃત રહે; પ્રમાદીને સર્વથા ભય છે. અપ્રમાદીને કોઈ રીતે ભય નથી, એમ શ્રી જિને કહ્યું છે. સર્વ પદાર્થનું સ્વરૂપ જાણવાનો હેતુ માત્ર એક આત્મજ્ઞાન કરવું એ છે. જો આત્મજ્ઞાન ન થાય તો સર્વ પદાર્થના જ્ઞાનનું નિષ્ફળપણું છે. જેટલું આત્મજ્ઞાન થાય તેટલી આત્મસમાધિ પ્રગટે.'' આ અમૃતવચનોની ગરિમા - મહિમા અપૂર્વ છે. મનુષ્યજન્મમાં આત્મસાક્ષાત્કાર થાય તો જ જન્મનું સાફલ્ય છે, અન્યથા અનંત જન્મો ધારણ કર્યાં તેમાં એક જન્મનો વધારો થયો એમ સમજવું જોઈએ; માટે આત્મપરિચયી થઈ આત્મદશા પ્રગટ કરવી. આત્મદશામાં જીવન પસાર થાય તે કાર્યકારી છે.

પૂ.શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત 'સમાધિતંત્ર' અમૃતમય ગ્રંથનું આપણે રસપાન કરી રહ્યા છીએ. સમાધિની દશા સુધી સાધકને પહોંચાડે તેવી ચમત્કૃતિ આ ગ્રંથમાં છે. આપણે શ્લોક ચૌદમાં વિચાર્યું હતું કે શરીરોમાં આત્મબુદ્ધિને કારણે 'મારો પુત્ર', 'મારી સ્ત્રી' ઈત્યાદિ કલ્પનાઓ જન્મે છે. એ કલ્પનાઓને કારણે સ્ત્રી, પુત્રાદિની સંપત્તિને, સમૃદ્ધિને પોતાની માને છે. અરે ! આ જગતના જીવો આમ જ દુઃખી થાય છે. બહિરાત્માની દૃષ્ટિ બાહ્ય પદાર્થોમાં ગુંથાયેલી રહે છે. પરિણામે રાગ-દ્વેષ થાય છે. હવે શ્લોક પંદરમાં આત્મપ્રદેશમાં - આત્મભૂમિમાં ગુંજન કરવાની વાત પ્રગટ કરે છે :

**मूलं संसारदुःखस्य देह एवात्मधीस्ततः ।**
**त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥**

**પદ્ય :** મૂળ સંસાર-દુઃખોનું દેહમાં, આત્મબુદ્ધિ તે,
તજી ઈન્દ્રિય વ્યાપાર-બાહ્ય, અંતર પેસજે.

**અન્વય :** देहे आत्मधीः एव संसार दुःखस्य मूलं ततः एनां त्यक्त्वा बहिः अव्यापृतेन्द्रियः अन्तः प्रविशेत् ।

**શબ્દાર્થ :** देहे – શરીરમાં; आत्मधीः एव – આત્મબુદ્ધિ હોવી તે જ; संसारदुःखस्य मूलं – સંસારના દુઃખનું મૂળ છે; ततः –તેથી; एनां – એને; त्यक्त्वा – છોડીને; बहिः – બહારના વિષયોમાં; अव्यापृतेन्द्रियः – ઈન્દ્રિયોની પ્રવૃત્તિ રોકીને; अन्तः प्रविशेत् – આત્મામાં પ્રવેશ કરવો.

**ભાવાર્થ :** શરીરમાં આત્મબુદ્ધિ હોવી તે જ સંસારના દુઃખનું મૂળ છે. તેથી બહિરાત્માએ

શરીરમાં આત્મબુદ્ધિ છોડીને, બાહ્ય વિષયોમાં ઇન્દ્રિયોની પ્રવૃત્તિ રોકીને આત્મામાં પ્રવેશ કરવો.

**વિશેષાર્થ :** બહિરાત્મા દેહને આત્મા માની સંસારમાં પરિભ્રમણ કરે છે. દેહના સંબંધમાં જે છે તે મારા છે, હું એમનો છું, પુત્ર-મિત્ર પરિવાર તે મારા છે તથા મને ઉપકારક છે, જ્યારે જરૂર પડશે ત્યારે જો સંબંધ રાખ્યો હોય તો મુશ્કેલીમાં આવીને ઊભા રહે, તેમજ આપણને સાથ-સહિયારો આપે. માટે શરીરના સગાં તે મારા સગાં તેમજ શરીરના સગાં તે મારા સંબંધી એવી વિપરીત માન્યતાને કારણે બહિરાત્મા સંસારચક્રમાં ફર્યા કરે છે. તેને કારુણ્યભાવથી 'પોતાના આત્મામાં સ્થિર થા, સ્વ આત્મામાં પ્રવેશ કર' એવો સમ્યક્ બોધ મળે છે.

देहेषु आत्मधीः - देह एव आत्मधीः - શરીરમાં જ આત્મબુદ્ધિ, દેહ તે જ આત્મા એવી દેહદૃષ્ટિ બહિરાત્માને હોય છે. નિષ્કારણ કરુણાશીલ આચાર્યદેવ અજ્ઞાનીને સમજાવતાં કહે છે, "બહિરાત્મપણાનો ત્યાગ કર અને આત્મામાં પ્રવેશ કર." જ્ઞાની સત્પુરુષ ફરમાવે છે, "હે જીવ ! આમ તો ઘણી થઈ, હવે થોભો. **'દેહ તે જ હું' એવી બુદ્ધિ આ બધા સંસારનાં દુઃખોનું મૂળ છે. માટે તે બુદ્ધિ ભલો થઈને હવે છોડ એટલે બહિરાત્મપણું પણ છૂટશે.** હવે અંતરમાં પ્રવેશ કર. આ દેહમાં વિચાર કરનાર બેઠો છે, તે દેહથી ભિન્ન છે એમ માન. તે સુખી છે કે દુઃખી તેનો વિચાર કર. સદ્ગુરુનો ઉપદેશ પ્રાપ્ત કરી, વિચાર કરતાં તે દુઃખી છે એમ સમજાશે. ઈન્દ્રિયોની બાહ્ય પ્રવૃત્તિ ઓછી કરી, દેહ અને ઈન્દ્રિયોના સ્વામીરૂપ પોતાના સ્વરૂપ તરફ અંતરમાં વૃત્તિ વાળવા વારંવાર પુરુષાર્થ કર."

संसारदुःखस्य मूलम् - જીવને પર્યાયમાં અહંબુદ્ધિ થાય છે. તેથી તે પોતાને અને શરીરને એકરૂપ માની પ્રવર્તે છે. શરીરમાં પોતાને રુચે એવી ઈષ્ટ અવસ્થા થતાં તેમાં બહિરાત્મા રાગ કરે છે, પોતાને ન ગમતી અવસ્થામાં દ્વેષ કરે છે; જેથી સંસારચક્રમાં ભમ્યા કરે છે.

જ્ઞાની ધર્માત્મા બહિરાત્માને ઉપદેશે છે - સંસારચક્રમાં કેમ ભમે છે ? સંસારદુઃખનું મૂળ શું છે ? પ્રત્યુત્તર છે - **મોહરાજાનો મંત્ર 'હું' અને 'મારું' - આવા ભાવથી સંસારમાં ભમે છે. ખરેખર તો 'દેહ તે જ હું છું' એવી મમતાબુદ્ધિ સંસારનું મૂળ છે.**

પૂર્વના બાંધેલા કર્મ ભોગવવા આ દેહ ધારણ કરવો પડે છે. કર્માનુસાર દેહ સાથે ઇન્દ્રિયોની રચના થાય છે. ઈન્દ્રિયો બાહ્ય પદાર્થના રૂપ, રસ, ગંધ, શબ્દ, સ્પર્શ, ગ્રહણ કરવાની શક્તિ ધરાવે છે; જેથી બાહ્ય પદાર્થોમાં પ્રવર્તે છે. તે નિમિત્ત મળતાં મન ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે. મનને ગમે તેમાં તે ઈષ્ટની માન્યતા કરે છે, નથી પસંદ તેમાં અનિષ્ટની માન્યતા કરે છે; જેથી નવા કર્મોનો બંધ થાય છે. આ રીતે કર્મના બંધ પ્રમાણે નવો દેહ મળે છે. નવા દેહ સાથે બહિરાત્મા આત્મબુદ્ધિ કરી ઈષ્ટ-અનિષ્ટની કલ્પના કરે છે. જે ભાવથી, જેવા રસથી કલ્પના કે ભ્રાન્તિ કરી છે તે પ્રમાણે જે તે ગતિનું આયુષ્ય પૂર્ણ કરી કર્મોના બંધને આધારે પુનઃ નવો દેહ મળે છે. આ જ પ્રમાણે દેહમાં આત્મબુદ્ધિ કરી નવા દેહ ધારણ કર્યા કરે છે. જન્મે છે, મરે છે, ફરી જન્મે છે, મરે છે. આમ, સંસારચક્ર ચાલ્યા જ કરે છે. દેહદૃષ્ટિ - દેહમાં આત્મબુદ્ધિ થવી તે સંસારનું મૂળ છે. જો મૂળ જ છેદાય તો સંસારચક્ર નષ્ટ થાય છે.

કષાયભાવની પરંપરા પણ જન્મ-પુનઃ જન્મમાં કારણભૂત છે. શ્રી શિવકોટી આચાર્ય શ્રી 'ભગવતી આરાધના'ની ગાથા ૧૩૯૬માં ફરમાવે છે કે કષાયરૂપ વેરી નિર્વાણમાં જેટલું વિઘ્ન કરે છે તેટલું વિઘ્ન કોઈ દુશ્મન કરતું નથી, અગ્નિ કરતી

નથી, વાઘ કરતો નથી, કાળો સર્પ કરતો નથી. વેરી એક જન્મ દુઃખ આપે છે, અગ્નિ એકવાર બાળે છે, વાઘ એકવાર ભક્ષણ કરે છે, કાળો સર્પ એકવાર ડસે છે પણ કષાયભાવને 'મારા' માની, 'મેં કર્યા' એમ માનીને કર્તા-ભોક્તા થાય છે. જ્ઞાતા, દૃષ્ટા, સાક્ષીભાવમાં રહેતો નથી. बहिः अव्यापृतेन्द्रियः त्वक्त्वा : બાહ્ય વિષયોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિને છોડીને બહિરાત્મા અંતરમાં પ્રવેશ કરી શકે છે. માટે કારુણ્યભાવથી પૂ. આચાર્યદેવ કહે છે કે ભવ્યાત્મા ! બહારની ઈન્દ્રિયો જે મન સાથે લઈને ઈષ્ટ - અનિષ્ટની કલ્પના કરે છે તેમાંથી મુક્ત થા. ઈન્દ્રિયોના વિષયોને છોડી દે. શરીરાદિ મારા છે અને તેની ક્રિયા હું કરી શકું છું એવી દેહબુદ્ધિ તે અજ્ઞાનચેતના છે. તેને છોડીને 'આત્મા જ મારો છે' એવી આત્મામાં આત્મબુદ્ધિ કર. શુદ્ધચિદ્રુપ આત્માનું અવલંબન-આશ્રય લે, જેથી સંસારનું મૂળ નષ્ટ થઈ જાય. મધુર, મીઠો ઉપદેશ પૂ. આચાર્યદેવ ફરમાવે છે.

ઈન્દ્રિયોના સંદર્ભમાં આ શ્લોક સમજવા જેવો છે :

**समसुखशीलितमनसामशनमपि द्वेषमेति किमु कामाः ।**
**स्थलमपि दहति झषाणां किमङ्ग पुनरङ्गमङ्गाराः ॥**

**અર્થાત્** - ઈન્દ્રિયોના વિષયોનું સેવન જેમ માછલી જળમાંથી સ્થળ પર આવી જાય અને જમીન તેને અંગારા સમાન લાગે તેવી રીતે કષાયો સંતાપકારી લાગે છે. "જેનું મન સમતાસુખથી યુક્ત છે તેને માટે ભોજન પણ અરતિનો વિષય બને છે, તો વિષયોના સેવનની તો વાત ક્યાં રહી ?" હે દેહધારી ! માછલીઓને પાણી બહાર (જમીન પર) આવવું દાહયુક્ત લાગે છે તો તેને અંગારાનો સ્પર્શ તો કેટલો દુઃખદાયક લાગે ? તેથી આચાર્યદેવ કહે છે કે ઈન્દ્રિયોના વિષયોથી મુક્ત થઈ અંતરાત્મામાં કે જ્યાં શાંતિનું શીતલ સરોવર છે તેમાં अन्तः प्रविशेत् - અંતરમાં પ્રવેશ કર. શાશ્વત સુખી થઈશ.

પરમકૃપાળુદેવ ભવ્યાત્માને આવો જ બોધ આપે છે. તે ભાવને માણવાનો આયાસ કરીએ. સુખ અંતરમાં છે, બહાર શોધવાથી નહિ મળે. કારણ જ્યાં હોય ત્યાંથી તે ભાવ અનુભવાય. બાહ્ય પદાર્થોમાં સુખની ગુંજાઈશ નથી, તો બહારના પદાર્થોમાંથી કેવી રીતે સુખ મળે ? બહિરાત્મા ભ્રાન્તિથી ભૌતિક પદાર્થોમાં સુખની કલ્પના કરે છે. સંપત્તિ હોય તો હું સુખી, રહેવામાં સારું ઘર હોય, સુવિધાયુક્ત, સારું ફર્નિચર, એ.સી., જમીન પર કાર્પેટ હોય તો મને સુખ મળે, બે-ત્રણ મોટર-કાર હોય તો હું સુખી, સારા અને કહ્યાગરા પુત્ર-પત્ની ઈત્યાદિ પરિવાર હોય તો સુખી વગેરે માન્યતા રાખી સુખની કલ્પના કરે છે. અપેક્ષિત સુખ ન મળતાં દુઃખી થઈ નવા કર્મબંધથી ભારેકર્મી બને છે. પરમકૃપાળુદેવે ઉત્તમ માર્ગ દર્શાવ્યો - અંતરનું સુખ અંતરની સમતા-ભાવશ્રેણીમાં રહ્યું છે. સમભાવમાં જીવવાની અંતરંગ રુચિપૂર્વકની ભાવના હોય તો બાહ્ય પદાર્થોથી હું સુખી; તેવી ભ્રાન્તિને છોડ અને આનંદસાગર સ્વરૂપ આત્મામાં પ્રવેશ કર.

अन्तः प्रविशेत् - જિન ભગવન્તો- આચાર્ય ભગવન્તો - પ્રત્યક્ષ સત્પુરુષો અનેક દૃષ્ટિબિન્દુથી ભવ્યાત્માઓને સમ્યક્ બોધ આપે છે. જગતની રચનાના બાહ્યાડંબરમાં મૂંઝાઓ નહિ, તેમાં ભળો નહિ. સાક્ષીસ્વરૂપ, જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપ આત્મામાં પ્રવેશ કરો. **પદાર્થોમાં ન ભળો, પણ પદાર્થને જાણનાર-જોનાર શુદ્ધ ચિદ્રુપ આત્મામાં મગ્ન થાઓ.**

પૂ. સોગાજીના શબ્દરત્નો છે, "પોતાના સ્વક્ષેત્રમાં બેસી ગયા તો પરિણામ જશે. પરિણામનું જોર (પરાન્મુખી જોર) પાંગળું થઈ જશે. ખરું ? બહિર્મુખતામાં તો પરિણામ પરની સાથે સાથે ચાલ્યાં જાય છે. દૃષ્ટિ અહીં (અંતરમાં) જામી, તો

પરિણામમમાં વધુ દૂર જવાની શક્તિ ન રહી.'' અંતરાત્માની મહિમા, ગરિમા અપૂર્વ છે. તે મહિમાને ન સમજતાં બહિરાત્મા બાહ્ય વિષયોમાં, દેહાદિમાં આત્મબુદ્ધિથી સંસારચક્રમાં ભમ્યા કરે છે.

પૂ. શિવકોટી આચાર્ય 'ભગવતી આરાધના'માં શ્લોક ૧૮૨૮-૧૮૨૯-૧૮૩૦માં ઉત્તમ શબ્દચિત્ર આલેખે છે. ''જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રાખને માટે અતિમૂલ્યવાન ચંદનને બાળી નાખે તેમ અજ્ઞાની જીવ વિષયોનાં લોભથી મનુષ્યભવને નષ્ટ કરે છે. જેમ કોઈ મૂર્ખ મનુષ્ય રત્નદ્વીપમાં જઈને પણ ત્યાંના રત્નોને છોડીને લાકડાનો ભારો લઈ આવે તેમ મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મરત્નોને છોડીને ભોગોની અભિલાષા કરે છે. જેમ નંદનવનમાં જઈને પણ કોઈ મૂર્ખ મનુષ્ય અમૃતને છોડીને વિષ પીવે, તેમ મનુષ્યભવરૂપી નંદનવનમાં આવીને પણ અજ્ઞાની જીવ ધર્મઅમૃતને છોડીને ભોગની અભિલાષારૂપ ઝેર પીવે છે.'' કેટલી અપૂર્વ સ્પષ્ટતા આચાર્યદેવની મધુરવાણીમાં વ્યક્ત થઈ છે ! કારુણ્યમૂર્તિ આચાર્યભગવન્તો અનેક ઉદાહરણ આપી ભવ્યાત્માઓને નવી જ્ઞાતા-દૃષ્ટાની દૃષ્ટિ આપી, મહાસાગર તરવાની નાવના નાવિક બની સંસાર પાર થાય તેવી કૃપા વરસાવે છે. તે કૃપા પામી અનેક જીવો મુક્તિ પામે છે. ધન્ય તે મુનિવરા ! ધન્ય તે ભવ્યાત્માઓ !

બહિરાત્મા શરીરમાં આત્મબુદ્ધિથી દુઃખી જ થાય છે. જેમ લાકડું સળગતું હોય તેના મધ્યમાં કોઈ કીડો ભરાઈ ગયો હોય અને ઉષ્ણતાના તાપથી બહાર નીકળવા ઈચ્છે - બહાર નીકળે પણ ખરો, પણ બહારમાં એવી જ ઉષ્ણતા છે. માટે હે બહિરાત્મા, આવા અનેક દૃષ્ટાન્તોનો વિચાર કરી આ શરીરરૂપી અગ્નિથી મુક્ત થવા પરમ પવિત્ર શુદ્ધ ચૈતન્યઘન આત્મામાં પ્રવેશ કર. નિમગ્ન થા - એવું સત્પુરુષો પોકારી પોકારીને બોધ આપે છે. તૃષાતુર જલ ક્યાંથી કેમ-કેવું જલ છે એમ પૂછવા રોકાતો નથી. **યથાર્થ તૃષાતુર, રુચિવન્ત જીવ માત્ર મોક્ષ અભિલાષની ભાવનામય છે તે સદ્‌ગુરુના અપૂર્વ વચનોને હૃદયમાં સ્થાપી, પ્રયોગવીર બની કામ કાઢી લે છે. બહિરાત્માથી મુક્ત થઈ અંતરાત્મા થાય છે.**

પૂ. બેનશ્રી ચંપાબેનની સમાધિ સરસ્વતીને માણીએ. ''તું અનાદિ અનંત પદાર્થ છો. 'જાણવું' તારો સ્વભાવ છે. શરીરાદિ જડ પદાર્થો કાંઈ જાણતા નથી. જાણનાર તે કદી નહિ જાણનાર થતો નથી; નહિ જાણનાર તે કદી જાણનાર થતાં નથી. સદા સર્વદા ભિન્ન રહે છે. જડ સાથે એકત્વ માનીને તું દુઃખી થઈ રહ્યો છે. તે એકત્વની માન્યતા પણ તારા મૂળ સ્વરૂપમાં નથી. શુભાશુભ ભાવો પણ તારું અસલી સ્વરૂપ નથી - આ જ્ઞાની અનુભવી પુરુષોનો નિર્ણય છે. તું આ નિર્ણયની દિશામાં પ્રયત્ન કર. મતિ વ્યવસ્થિત કર્યા વિના ગમે તેવા તર્કો જ ઉઠાવ્યા કરીશ તો પાર નહિ આવે.'' જ્ઞાની પુરુષોની કેવી આશ્ચર્યકારક કરુણા છે. ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ દર્શાવી, શુભાશુભ ભાવોથી બહાર કાઢી, તર્કયુક્ત મતિના મોહમાં નહિ રહેતા નિઃશક આત્માનો નિર્ણય કરી, અનુભવની ભૂમિકામાં આપણને સ્થાપી દે છે.

પરમકૃપાળુદેવની અધ્યાત્મગિરાની ગરિમા પ્રકાશે છે, ''બીજાના દોષે તને બંધન છે એમ માનીશ નહીં. તારા નિમિત્તે પણ બીજાને દોષ કરતો ભુલાવ. તારા દોષે તને બંધન છે એ સંતની પહેલી શિક્ષા છે. તારો દોષ એટલો જ કે અન્યને પોતાનું માનવું, પોતે પોતાને ભૂલી જવું. એ બધામાં તારી લાગણી નથી, માટે જુદે જુદે સ્થળે તેં સુખની કલ્પના કરી છે. હે મૂઢ એમ ન કર. - એ તને તેં હિત કહ્યું. અંતરમાં સુખ છે.'' **(ક્રમશઃ)**

# સ્થિતપ્રજ્ઞ મહાત્માના લક્ષણો - એક ચિંતન
**(ક્રમાંક - ૧૧)**

**પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ટાબેન સોનેજી**

**नास्ति बुद्धिरयुक्तस्य न चायुक्तस्य भावना ।**
**न चाभावयतः शान्तिरशान्तस्य कुतः सुखम् ॥६६॥**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૬

**इन्द्रियाणां हि चरतां यन्मनोऽनुविधीयते ।**
**तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवाम्भसि ॥६७॥**

- શ્રી ભગવદ્‌ગીતા અ. - ૨/૬૭

**શબ્દાર્થ :** અસંયમીની બુદ્ધિ સ્થિર હોતી નથી અને તેમાં શ્રદ્ધાભક્તિની ભાવના પણ હોતી નથી. ભાવનારહિત મનુષ્યને શાંતિ નથી મળતી અને અશાંતને સુખ ક્યાંથી હોય ? **શ્લોક - ૬૬**

જેમ વાયુ જળમાં નાવને ખેંચી જાય તેમ બાહ્યમાં ભટકનારી ઈન્દ્રિયોની પાછળ મન દોડે છે અને તે પુરુષની (સાધકની) બુદ્ધિને પોતા તરફ ખેંચી જાય છે. **શ્લોક - ૬૭**

**ભાવાર્થ :** જેના મન અને ઈન્દ્રિયો સંયમિત નથી - એટલે કે જેના મન, વચન, કાયાના યોગમાં સમત્વભાવ નથી, પરમાત્મપ્રાપ્તિની ભાવના નથી તેની બુદ્ધિ દિવ્ય (સ્થિર) થતી નથી તેથી તેને શાંતિ મળતી નથી અને શાંતિ વિના મનુષ્યને સુખ કેવી રીતે મળી શકે ? **શ્લોક - ૬૬**

અપાર, અશાંત મહાસાગરમાં જેમ પ્રચંડ વાવાઝોડાથી નૌકા જ્યાં ત્યાં ભટકે છે, તેથી યાત્રિકો પણ મુંઝાઈ જાય છે - અસ્થિર થઈ જાય છે, તેમ ઈન્દ્રિયોના વિષયરૂપી સમુદ્રમાં ફસાયેલા મનુષ્યના મનની પણ તેવી જ સ્થિતિ થઈ જાય છે, જે તેની બુદ્ધિને પણ હરી લે છે. આમ થવાથી સાધક સાધનાપંથથી વિચલિત થઈ જાય છે. **શ્લોક - ૬૭**

**વિશેષ વિચારણા :**

જે મનુષ્ય મન, વચન, કાયાના યોગો પરમાત્માની ભક્તિમાં - પરમાત્મપ્રાપ્તિની સાધનામાં લગાડતો નથી તેની બુદ્ધિ સ્થિરતાને પ્રાપ્ત થતી નથી કારણ કે યોગની એક વ્યાખ્યા છે કે ‘આત્માનું પરમાત્મા સાથે મિલન તેને કહે છે યોગ.’ શ્રી ભગવદ્‌ગીતામાં યોગ શબ્દનો અર્થ ‘સમત્વયોગ’ છે. સમત્વ એટલે સમતાભાવ, સામ્યભાવ કે જે જીવનો (આપણો) સહજ સ્વભાવ છે. જે સમત્વભાવના અભ્યાસી છે તેમની જ બુદ્ધિ સ્થિર થઈ શકે છે.

જેઓ ઉપર પ્રમાણે અભ્યાસ નથી કરતા તેઓની બુદ્ધિ ચંચળ બની જાય છે. તેવા ચંચળ બુદ્ધિવાળા સાધકો બેચેન-વ્યાકુળ બની જાય છે. આ વ્યાકુળતા જ અશાંતિ અને દુઃખની જનની છે.

જેના મન અને ઈન્દ્રિયો સંયમિત નથી તેઓ જ્યારે વ્યાવહારિક કાર્યો કરે છે ત્યારે તેમની ઈન્દ્રિયો, સામે વિષયો આવવાથી તે પ્રત્યે આકર્ષણ થઈ જાય છે અને તેઓ તેમાં આસક્ત બની જાય છે. તે ઈન્દ્રિયો મનને પણ પોતાની સાથે લઈ લે છે તેથી મન પણ તે વિષયના ભોગમાં તન્મય થઈ જાય છે. તેમાં તે સુખબુદ્ધિનું વેદન કરે છે. આસક્ત મન સાધકની બુદ્ધિને પણ હરી લે છે. આવા સંયોગોમાં બુદ્ધિ-વિવેકનો નાશ થવાથી સાધક પોતાનું પરમાત્મપ્રાપ્તિનું ધ્યેય ભૂલી જાય છે. ભોગમાં તન્મય બની વિષયોનું ઝેર પીવે છે અને તેથી જ સંસારસાગરમાં રખડ્યા કરે છે. ઉપરોક્ત બોધને એક દૃષ્ટાંત દ્વારા સમજાવ્યો છે :

જેવી રીતે કોઈ મનુષ્ય નૌકા દ્વારા નદી અથવા સાગર પાર કરતો પોતાના ગંતવ્ય સ્થાને જઈ રહ્યો હોય તે વખતે જો નૌકાથી વિરુદ્ધ દિશામાં પવન ફૂંકાવા માડે તો વાયુ નૌકાને ઊંધી દિશામાં લઈ જાય છે, તેમ ઈન્દ્રિયો વિષયોમાં આસક્ત થઈ, મનરૂપી નાવને પોતા તરફ લઈ જાય છે અને પતિત થયેલું મન બુદ્ધિને હરી લે છે.

**બોધ :**

અયોગીનો અર્થ અવિવેકી, અસંયમી કરી શકાય. કોઈ પણ ઉત્તમ કાર્ય કરવું હોય તો જીવનમાં કડક શિસ્ત પાલન (Strict Discipline) અનિવાર્ય છે. તેના ઘણા ઐતિહાસિક દૃષ્ટાંતો આપણી સમક્ષ છે :

મહાત્મા ગાંધીજી, નેપોલિયન બોનાપાર્ટ, રાણાપ્રતાપ, છત્રપતિ શિવાજી, સ્વામી વિવેકાનંદ, શ્રીમદ્ રાજચંદ્રજી.

તો પરમાત્મપ્રાપ્તિના શ્રેષ્ઠ કાર્ય માટે સંયમ આવશ્યક નહિ, પણ અનિવાર્ય છે. સાધકના જીવનમાં પરમાત્માની પ્રાપ્તિ અર્થે, આત્મધ્યાનમાં એકાગ્રતા માટે ઇન્દ્રિયો અને મનનો સંયમ અત્યંત મહત્ત્વનો છે. પરમકૃપાળુદેવ વચનામૃત પત્રાંક ૧૦૫ 'મહાવીરના બોધને પાત્ર કોણ ?'માં જણાવે છે, "આહાર, વિહાર, નિહારનો નિયમી." આપણું જીવન ભાવનાશીલ - સંવેદનશીલ બનાવવું. સર્વ જીવોમાં સમભાવ કેળવવો. પોતાના ધ્યેયને પ્રાપ્ત કરવા જીવનમાં ચાર ભાવનાઓ-મૈત્રી, ગુણપ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના તથા ક્ષમા, વિનય, સરળતા, સંતોષ આદિ સદ્ગુણોનો વિકાસ કરવો.

**ઉપરનો બોધ દૃઢ થવા માટે મહાપુરુષોના અવતરણો**

- મંદ વિષયને સરળતા સહ આજ્ઞા સુવિચાર;
  કરુણા કોમળતાદિ ગુણ, પ્રથમ ભૂમિકા ધાર.

**— શ્રીમદ રાજચંદ્રજી વ.પ. ૯૫૪**

- જીવનની શુદ્ધિ માટે મન અને ઈન્દ્રિયોની અન્યાયપૂર્વકની વૃત્તિઓને વિવેકબળથી રોકીને તેમને અંતર્મુખ કરવી તે સંયમ કહેવાય છે. વ્રત, નિયમ આદિ ગ્રહણ કરવાથી સંયમ (સમ + યમ)ની વૃદ્ધિ થઈ પરિપૂર્ણતા થતાં પરમાત્મપદની પ્રાપ્તિ થઈ જાય છે.

**- 'શ્રી સાધક સાથી'**
**શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**

- સ્થિતપ્રજ્ઞ મહાપુરુષમાં સંયમની ઉત્કૃષ્ટ ભૂમિકા હોય છે, જેમાં સમાજકલ્યાણ, સેવા, કર્તવ્ય આદિ ગૌણ થઈ જાય છે અને અધ્યાત્મ-વિકાસની મુખ્યતા થઈ જાય છે. અહીં મૌન, ધ્યાન, વૈરાગ્ય અને મૈત્રી આદિ ભાવનાઓનું મનન-ચિંતન અને પરમાત્મા પ્રત્યે પરમપ્રેમ પ્રગટી જાય છે. આવો સાધક સંયમની ચરમસીમારૂપ સહજ સમાધિને પ્રાપ્ત કરી આ અમૂલ્ય માનવજન્મ સફળ કરી લે છે.
- સંયમના હેતુથી યોગ પ્રવર્તના,
  સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો;
  તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં,
  અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.
  અપૂર્વ અવસર...
  — શ્રીમદ્ રાજચંદ્રજી
- શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા,
  માન અમાને વર્તે તે જ સ્વભાવ જો;
  જીવિત કે મરણે નહીં ન્યૂનાધિકતા,
  ભવ મોક્ષે પણ શુદ્ધ વર્તે સમભાવ જો.
  અપૂર્વ અવસર...
  — શ્રીમદ્ રાજચંદ્રજી

**॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥**

• • •

# શ્રી આનંદઘન ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

(ગતાંકથી ચાલુ...)

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન

અરિહંત ભગવાનના સ્વરૂપને દ્રવ્ય, ગુણ અને પર્યાયથી જાણીએ તો આપણા મોહનો નાશ થઈ આપણને નિજાત્મસ્વરૂપની ઉપલબ્ધિ થાય એમ શ્રી કુંદકુંદાચાર્યે પ્રવચનસાર ગાથા-૮૦માં ફરમાવ્યું. ભગવાનનું 'અઢાર દોષોથી રહિતપણું' - એ પણ ભગવાનના સ્વરૂપને નાસ્તિથી જાણવાનો એક પ્રકાર છે અને તેમાં યોગીશ્વર આનંદઘનજીનું આ સ્તવન અત્યંત અવલંબનરૂપ બની રહ્યું છે. શ્રી મલ્લિનાથ આદિ તીર્થંકરોએ ૧૩ દોષોને કઈ રીતે નિર્મૂળ કર્યા તે આપણે જોયું. હવે પછીની બે ગાથાઓમાં બાકીના પાંચ દોષોને પ્રભુના આત્મામાંથી સદાને માટે વિદાય લેતાં જોઈએ. (આ અઢાર દોષો વિવિધ શાસ્ત્રોમાં થોડા થોડા ભેદ સાથે રજૂ થયા છે. પણ આપણે અહીં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા-શિક્ષાપાઠ-૮ 'સત્‌દેવતત્ત્વ'માં જે ઉલ્લેખ કર્યો છે તેનો આનંદઘનજીના આ પદ સાથે મેળ બેસતો હોવાથી એ રીતે તેનું અવલોકન કરી રહ્યાં છીએ.)

**દાન વિઘન વારી સહુ જનને, અભયદાન પદ દાતા;**
**લાભ વિઘન જગ વિઘન નિવારક, પરમ લાભ રસ માતા.**
**- હો મલ્લિજિન૦ ૮**

**વીર્ય વિઘન પંડિત વીર્યે હણી, પૂરણ પદવી યોગી;**
**ભોગોપભોગ દોય વિઘન નિવારી, પૂરણ ભોગ સુભોગી.**
**- હો મલ્લિજિન૦ ૯**

**શબ્દાર્થ :** દાન-અંતરાય કર્મરૂપ વિઘ્ન નિવારીને પ્રભુ સર્વ જીવોને અભયદાન આપનાર દાતા બન્યા. લાભ-અંતરાયકર્મરૂપ વિઘ્ન નિવારીને પ્રભુ (વ્યવહાર દૃષ્ટિએ) જગતના જીવોના વિઘ્નનિવારક થયા તેમજ (નિશ્ચય દૃષ્ટિએ) અનંત ચતુષ્ટયરૂપ નિજ ઐશ્વર્યનો પરમ લાભ પામી તેમાં એકરસ મગ્ન થયા. પંડિતવીર્ય એટલે સર્વોત્કૃષ્ટ ક્ષાયિક વીર્યથી વીર્યાંતરાય કર્મરૂપ વિઘ્નનો નાશ કરી પ્રભુએ પરમાત્માની પૂર્ણ પદવી સાથે યોગ સાધ્યો. ભોગ અને ઉપભોગ - આ બે અંતરાયકર્મરૂપ વિઘ્ન નિવારીને પ્રભુ આત્માના અનંત ગુણોના પરિપૂર્ણ સમ્યક્‌પણે ભોગી થયા. (દાન વિઘન = દાનાંતરાય કર્મ; અભયદાન = સર્વ જીવોને ભયમુક્ત કરવારૂપ દાન; દાતા = દાન દેનાર; લાભ વિઘન = લાભાંતરાય કર્મ; જગ = જગત; નિવારક = દૂર કરનાર, નાશ કરનાર; રસમાતા = તે રસમાં મગ્નતા; વીર્ય વિઘન = વીર્યાંતરાય કર્મ; પંડિત વીર્યે = ઉત્કૃષ્ટ આત્મિક શક્તિ વડે; હણી = નાશ કરીને; પૂરણ પદવી = પરમાત્મપદ; યોગી = જોડાણ કરનાર, યોગ કરનાર; ભોગોપભોગ વિઘન = ભોગાંતરાય અને ઉપભોગાંતરાય કર્મ; દોય = બંને; ભોગ = ભોગવા યોગ્ય પદાર્થ; સુભોગી = સારી રીતે, સમ્યક્‌પણે ભોગવનાર)

**ભાવાર્થ :** શ્રી મલ્લિનાથ ભગવાને ચાર ઘાતી કર્મોનો નાશ કરી કેવળજ્ઞાન પ્રગટાવ્યું. તેમાંના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને મોહનીયનો સર્વનાશ થતાં કયા કયા દોષોએ પ્રભુના આત્મામાંથી સદાને માટે વિદાય લીધી તે આપણે જોયું. હવે ચોથું ઘાતીકર્મ તે 'અંતરાય' - તેની પાંચ પ્રકૃતિઓરૂપ પાંચ દોષોનો ક્ષય કરી પ્રભુ અઢારેય દોષોથી રહિત થાય છે.

અંતરાય કર્મની પાંચ પેટા પ્રકૃતિઓ છે : (૧) **દાનાંતરાય**, જે દાન દેવામાં વિઘ્નરૂપ કરે (૨) **લાભાંતરાય**, જે લાભ થવામાં વિઘ્ન કરે (૩)

**ભોગાંતરાય**, જે ભોગ ભોગવવામાં વિઘ્ન કરે (૪) **ઉપભોગાંતરાય**, જે ઉપભોગ ભોગવવામાં વિઘ્ન કરે અને (૫) **વીર્યાંતરાય**, જે કોઈ કાર્ય કરવામાં અશક્તિ લાવે. અંતરાય કર્મની આ માત્ર સામાન્ય સમજણ થઈ. આનંદઘનજી આ પાંચ અંતરાયના નાશથી પ્રભુને જે ઉપલબ્ધિ થઈ તેની વાત કરે તે પહેલાં તે કર્મોનું વ્યાવહારિક સ્વરૂપ વિચારીએ.

દાનાંતરાય કર્મ આપણને દાન દેવામાં વિઘ્નરૂપ નીવડે છે. દાન એટલે ''ન્યાયપૂર્વક પોતાને પ્રાપ્ત થયેલી વસ્તુનું બીજા માટે અર્પણ કરવું.'' આહારદાન, વસતિકાદાન, ઔષધદાન, જ્ઞાનદાન આદિ દાનના વિવિધ પ્રકારોમાં મન સંકુચિત રાખીએ, કૃપણ બનીએ કે દાનમાં વિઘ્ન ઉપજાવીએ તે દાનાંતરાય નામનું પાપકર્મ છે. લાભાંતરાય કર્મ, ધન, સંપત્તિ આદિ ઈષ્ટ વસ્તુનો લાભ થતાં અટકાવે છે. 'ભોગ' એટલે માત્ર એક જ વાર જેનો ઉપયોગ કરી શકાય તેવી વસ્તુઓ; જેમ કે ભોજન, પાણી, વગેરે. તેમાં વિઘ્નરૂપ થાય તે ભોગાંતરાય. દા.ત. ઘરમાં પુણ્યોદયથી મીઠાઈ આદિ ઘણી વસ્તુઓ હોય, પણ ડાયાબીટીસને લીધે શેઠ તે ભોગવી ન શકે, તે ભોગાંતરાય ! 'ઉપભોગ' એટલે જે વસ્તુઓનો વારંવાર ઉપયોગ થઈ શકે, જેમ કે વસ્ત્ર, પાત્ર, ટીવી, ફ્રીઝ વગેરે. તેમાં જે વિઘ્નરૂપ બને તે ઉપભોગાંતરાય. જેમ કે, શરદીની પ્રકૃતિમાં એ.સી. હોવા છતાં વાપરી ન શકે. વીર્યાંતરાય એટલે કોઈ કાર્ય કરવામાં અશક્તિ અને અનુત્સાહ વર્તે. વીર્ય, પુરુષાર્થ ફોરવી ન શકે. આ તો થઈ આ પાંચ કર્મોની લૌકિક, સાંસારિક અસર, જે માત્ર સંસારી અજ્ઞાની જીવોને લાગુ પડે છે.

શ્રી મલ્લિનાથ ભગવાને તો મુનિદશામાં જ આવા બાહ્ય વિઘ્નોને ગણકાર્યા જ નહોતા, બલ્કિ તેમની લડત તો આત્માના અનંત શુદ્ધ ગુણોનો લાભ થવામાં, તેનો ભોગ-ઉપભોગ કરવામાં અને મોક્ષના પુરુષાર્થમાં વીર્ય ફોરવવામાં જે અંતરાયરૂપ બને તેવા કર્મોની સામે હતી. ખરેખર તો આપણે પણ આ બાહ્ય વિઘ્નોને ગૌણ કરી આ અંતરાય આત્મસ્વરૂપની પ્રાપ્તિમાં જે બાધા પહોંચાડે છે તે પ્રત્યે દૃષ્ટિ કરવી જરૂરી છે. પરમકૃપાળુદેવ કહે છે તેમ - **''મુખ્ય અંતરાય તો જીવનો અનિશ્ચય છે.''** પરમાર્થ દૃષ્ટિએ દાનાંતરાય કર્મથી શુદ્ધ આત્મદ્રવ્ય પોતાની પર્યાયને તેવી જ શુદ્ધતાનું દાન કરી શકતું નથી, લાભાંતરાય કર્મ આત્માને પોતાના જ અનંત ઐશ્વર્યનો લાભ થવા દેતું નથી, ભોગોપભોગ અંતરાય સ્વરૂપાનંદ આદિ અનંત ગુણોનો ભોગ-ઉપભોગ કરવા દેતું નથી અને વીર્યાંતરાય આત્માના અનંત વીર્યને પ્રગટ થવા દેતું નથી અથવા તો મોક્ષના સમ્યક્ પુરુષાર્થ માટે વીર્ય ફોરવી શકાતું નથી. મુખ્ય એવા 'મોહનીય'નો નાશ કરવાથી આ પાંચેય અંતરાયનો પણ નાશ થાય છે. શ્રી મલ્લિનાથ ભગવાનને આ પાંચેય 'વિઘ્ન નિવારી' શું ઉપલબ્ધિ થઈ તેની વાત આનંદઘનજી આ બે ગાથાઓમાં કરે છે.

**'દાન વિઘન'** - દાનાંતરાયના નાશથી પ્રભુને 'અનંત દાન' લબ્ધિ પ્રગટી. નિશ્ચયનયથી પ્રભુ સ્વયંને અનંત ગુણોનું દાન આપે છે. આનંદઘનજી અહીં વ્યવહારનયની મુખ્યતાથી પ્રભુના અનંત ઉપકારને લક્ષમાં રાખી 'અભયદાન પદ દાતા' કહે છે. અભયદાન તે સર્વ દાનમાં શ્રેષ્ઠ ગણાય છે. પ્રભુ તો વીતરાગ છે, તેથી બીજું કંઈ લૌકિક દાન કરવાનું તેમને રહેતું નથી. પરંતુ તેમની નિશ્રામાં સર્વ જીવો ભય અને શોક રહિત થઈ જાય છે. પ્રભુના અસ્તિત્વમાંથી વિશ્વપ્રેમના એવા સ્પંદનો વહે છે કે સમોવસરણમાં જન્મજાત વૈરી પ્રાણીઓ પણ એકબીજા સાથે નિર્ભય થઈ બેસે છે. એવો પ્રભુના અભયદાનનો અતિશય છે. વળી, ભવ્ય જીવોને 'દિવ્યધ્વનિ' દ્વારા પ્રભુ જ્ઞાનનું પણ ઉત્તમ

દાન કરે છે.

**"લાભ વિઘન"**, અર્થાત્ લાભાંતરાય કર્મને નિવારી પ્રભુને 'અનંતલાભ' રૂપ લબ્ધિ પ્રાપ્ત થાય છે. તેનું વ્યાવહારિક સ્વરૂપ એ છે કે પ્રભુ જગતના જીવોના વિઘ્નો નિવારવામાં નિમિત્ત બને છે. એ રીતે જગતને લાભાન્વિત કરે છે. પ્રભુની નિષ્કામ ભક્તિથી, તેમનાં ભાવપૂર્વકના નામસ્મરણ માત્રથી ભક્તોનાં વિઘ્નો કેવા દૂર થાય છે તેનો 'શ્રી ભક્તામર સ્તોત્ર'માં વિસ્તારથી ઉલ્લેખ છે, જે સૌને સુવિદિત છે. વળી, પ્રભુનો દિવ્ય ઉપદેશ સાંભળીને અનેક જીવોને સમકિત, કેવળજ્ઞાન આદિ પારમાર્થિક લાભ પણ થાય છે. નિશ્ચયનયથી તો ખરેખર પ્રભુને સ્વયંને આત્માના અનંત વૈભવનો લાભ મળે છે. આવા પરમ લાભમાં 'રસમાતા' અર્થાત્ તે લાભથી નિષ્પન્ન આનંદરસના ઘૂંટ પીને, તેમાં માતા એટલે મગ્ન થઈને પ્રભુ તે સ્વરૂપનો રસાસ્વાદ માણે છે અને અનંતકાળ સુધી માણશે.

**"વીર્ય વિઘન"** - અર્થાત્ વીર્યાંતરાય કર્મનો ક્ષય થતાં પ્રભુ અનંત વીર્ય, અનંત શક્તિના ધારક બને છે. તેમણે પંડિત વીર્ય એટલે ક્ષાયિક વીર્યથી, ઉત્કૃષ્ટ પુરુષાર્થના બળથી વીર્યાંતરાયને હણીને તેના ફળસ્વરૂપે **"પૂરણ પદવી યોગી"** - વીતરાગ, સર્વજ્ઞ પરમાત્મપદરૂપ પૂર્ણ પદવી, પૂર્ણ દશા સાથે યોગ સાધી પરમ યોગી થયા. સંસારમાં ઈન્દ્ર, ચક્રવર્તી આદિ ઘણા વીર્યવાન ગણાય છે. પરંતુ તેમની શક્તિ પુણ્યને આધીન અને નશ્વર હોય છે, જ્યારે પ્રભુ તો અનંતકાળ સુધી નિરાબાધપણે અનંત સુખ, અનંત જ્ઞાન આદિ અનંત ગુણોની અનંત શક્તિ ટકાવી શકે છે, તે તેમના અનંતવીર્ય ગુણના પ્રભાવથી.

**"ભોગોપભોગ દોય વિઘન નિવારી"** - ભોગ અને ઉપભોગ આ બે અંતરાય કર્મનો પણ પ્રભુએ નાશ કર્યો. તેથી **"પૂરણ ભોગસુભોગી"** આત્માના સ્વભાવજન્ય સહજ સુખરૂપ ભોગને પૂર્ણપણે, કોઈ અંતરાય, રૂકાવટ કે બાધા વગર, નિરાકુળપણે, સુપેરે પ્રભુ ભોગવી રહ્યાં છે; **"સાદિ અનંત અનંત સમાધિ સુખમાં"** પ્રભુ બિરાજે છે. 'ભોગ' એટલે પ્રભુ અનંત આનંદ, અનંત જ્ઞાન આદિ અનંત ગુણોનો દરેક સમયે નવી નવી પર્યાયમાં નવો નવો ભોગવટો કરે છે અને 'ઉપભોગ' એટલે આવા જ્ઞાનાનંદનો એક જ પ્રકારનો ભોગવટો વારંવાર કરે છે. પ્રશ્ન થાય કે પ્રભુ આમ એકનો એક પ્રકારનો આનંદ ભોગવી 'બૉર' નહીં થતાં હોય ? કંઈક Change તો જોઈએ ને ? બસ, આ જ તો આપણામાં ને પરમાત્મામાં મોટો ફરક છે. આપણને Change જોઈએ છે કારણ કે આપણને ભોગ-ઉપભોગ અંતરાયનો માત્ર ક્ષયોપશમ છે તેથી આપણું સુખ ક્ષણિક, આકુળતાવાળું, ઈન્દ્રિયોને આધીન અને બાધાસહિત હોવાથી થોડીવારમાં કંટાળો અને થાક આપે છે; જ્યારે પ્રભુને ક્ષાયિક વીર્યનું સામર્થ્ય હોવાથી અનંત કાળ સુધી હરપળ નવા નવા આનંદની મોજ માણતા રહેશે ! તે આનંદ અતીન્દ્રિય અને આપણી કલ્પનાની બહાર હોવાથી પ્રભુના સ્વરૂપનું આવું અચિંત્ય માહાત્મ્ય જલદી શ્રદ્ધામાં બેસતું નથી. પ્રભુના સ્વરૂપની સમ્યક્શ્રદ્ધા થાય તો ય આપણું કામ થઈ જાય એવું છે.

આમ, પાંચ અંતરાય કર્મોનો નાશ કરી પ્રભુ અઢારેય દોષોથી મુક્ત થતાં તેમનામાં વિકારનો અનંતાંશ પણ રહ્યો નથી એવા પૂર્ણ શુદ્ધ પરમાત્મા થયા, જેના ગુણગાન આનંદઘનજી સ્તવનના ઉપસંહારરૂપે કરતાં કહે છે :

**એ અઢાર દૂષણ વર્જિત તનુ, મુનિજન વૃંદે ગાયા;**
**અવિરતિ રૂપક દોષ નિરૂપણ, નિર્દૂષણ મન ભાયા.**
**- હો મલ્લિજિન૦ ૧૦**

**શબ્દાર્થ :** ઉપરોક્ત અઢાર દૂષણોથી રહિત એવા શરીરધારી (અરિહંત) પરમાત્માના ગુણગાન મુનિજનોના સમૂહે ગાયા છે. અવિરતિ આદિ દોષોનું નિરૂપણ કરનાર પ્રભુ સ્વયં નિર્દૂષણ થયા છે. એવા તે પ્રભુ મારા મનને બહુ ગમી ગયા છે. (વર્જિત = તેનાથી રહિત; તનુ = શરીરધારી; વૃંદે = સમૂહે;

નિર્દૂષણ = દોષરહિત; મન ભાયા = મનને ગમ્યા)

**ભાવાર્થ :** આ અઢાર દોષો ઘાતીકર્મના નાશથી વિલીન થયા. એ ઘાતીકર્મોનો શરીરધારી અરિહંત અવસ્થામાં જ નાશ થતો હોવાથી અહીં 'તનુ' શબ્દ વાપર્યો છે. એ અઢાર દૂષણોથી વર્જિત અર્થાત્ તેનાથી પૂર્ણપણે રહિત એવા નિર્દૂષણ, નિર્વિકારી, નીરાગી, જગતના તારણહાર આનંદઘનજીને **''મન ભાયા''**, - મનને એટલા ગમી ગયા, કે તેમનું હૃદય નિરંતર 'તૂ હી તૂ હી' કરતું પ્રભુભક્તિમાં રંગાઈ ગયું છે. માત્ર આનંદઘનજી જ નહીં, પણ મુનિજનોના સમૂહમાં પણ પ્રભુ એવા 'મન ભાયા' થઈ ગયા છે અને પૂજ્યશ્રી રાકેશભાઈ આ સંદર્ભમાં એક સુંદર વાત કરે છે કે મુનિજનોને ભાયા છે તેથી તેમણે ગાયા પણ છે ! કેવળજ્ઞાનની તળેટીએ પહોંચી ગયેલા મુનિજનો પણ જ્યારે પ્રભુના ગુણગાન ગાય, તે જ પ્રભુનું અઢાર દોષોથી વર્જિતપણાનું અચિંત્ય માહાત્મ્ય સૂચવે છે. શ્રી ભક્તામર સ્તોત્ર, શ્રીદેવાગમ સ્તોત્ર આદિ સ્તવનાઓમાં મુનિજનોએ મુક્ત કંઠે, મન મૂકીને પ્રભુના ગુણગાન ગાયા છે એ જ ''મનભાયા''નું પ્રમાણ છે. પ્રભુ સ્વયં સંપૂર્ણ રીતે નિર્દૂષણ થયા, તેમ છતાં ભવ્ય જીવોના કલ્યાણ માટે **''અવિરતિ રૂપક દોષ નિરૂપણ''** કરતા ગયા, અર્થાત્ અવિરતિ આદિ દોષોનું 'ચરણમોહના યોદ્ધા' આદિ રૂપક આપી નિરૂપણ કરતા ગયા; જેથી આપણા જેવા તે દોષો પ્રત્યે જાગૃત થઈ તેને નિવારવાનો પ્રયત્ન કરીએ.

ભગવાનની પ્રશસ્ત ભક્તિથી કેવું રૂડું ફળ મળે છે તેની વાત આનંદઘનજી હવે અંતિમ ગાથામાં કરે છે :

**ઈણ વિધ પરખી મન વિશરામી, જિનવરગુણ જે ગાવે;**
**દીનબંધુની મહેર નજરથી, આનંદઘન પદ પાવે.**
**- હો મલ્લિજિન૦ ૧૧**

**શબ્દાર્થ :** આ પ્રમાણે (પ્રભુના ગુણોને) પારખીને, પરીક્ષા કરીને, મનને વિશ્રામ આપતા જિનેશ્વરના ગુણોનું જે ગાન કરે, તેને દીનબંધુ એવા (શ્રી મલ્લિનાથ) પ્રભુની કૃપાદૃષ્ટિથી આનંદઘન પદની પ્રાપ્તિ થાય છે. (ઈણ વિધ = આ રીતે, આ વિધિથી; પરખી = પારખીને, પરીક્ષા કરીને; મન વિશરામી = મનને વિશ્રામ, શાંતિ પમાડે તેવું; મહેર = કૃપા)

**ભાવાર્થ :** અહીં આનંદઘનજી જિનેશ્વરના ગુણગાન માત્ર અંધશ્રદ્ધાથી નહીં પણ તેમના ગુણોને ઓળખીને, પારખીને, પરીક્ષા કરીને ગાવાની પ્રેરણા કરે છે. જે મનુષ્ય આત્મજ્ઞાન, આત્મશાંતિ અને આત્માનંદનો ચાહક હશે, જિજ્ઞાસુ હશે, રૂચિવાન હશે અને તે માટે પ્રયત્નવાન હશે તેનામાં એવી યોગ્યતા હશે કે માત્ર પોતાના કુળધર્મથી નહિ, પણ **''ઈણ વિધ પરખી''** - આનંદઘનજીએ આ રીતે બતાવેલ અઢાર દૂષણોથી રહિતપણાના લક્ષણથી, પ્રભુની વીતરાગતા, સર્વજ્ઞતા, નિર્વિકારતા, સહજાનંદપણું આદિ લક્ષણોથી પરીક્ષા કરીને તેવા પ્રભુમાં પોતાની શ્રદ્ધાની સ્થાપના કરશે. આવી પરખ નહીં કરવાથી અઢારમાંના એક, બે કે વધુ દોષવાળા પુરુષોમાં કે દેવ-દેવીઓમાં માત્ર તેમનું બાહ્ય ઐશ્વર્ય જોઈને તેમને ભગવાન માનવાની ભૂલ જીવ કરી બેસે છે. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક - ૪૬૬માં કહે છે. *''જેની પાસેથી ધર્મ માગવો, તે પામ્યાની પૂર્ણ ચોકસી કરવી. એ વાક્ય સ્થિર ચિત્તથી વિચારવું.''* આવી પરખ કર્યા પછી કરેલી શ્રદ્ધા એવી દૃઢ હોય છે કે અનાદિથી ભટકતા સાધકના મનને **''મન વિશરામી''** મળી જાય છે - પ્રભુના ચરણ-શરણમાં તેનું મન વિશ્રામ પામે છે. પ્રભુના અચિંત્ય માહાત્મ્યનો પ્રફુલ્લિત ભાવ આવતાં સહજ સ્ફુરિત ભક્તિથી તે પ્રભુના ગુણ ગાવા લાગે છે.

આનંદઘનજી સ્તવનની પૂર્ણાહુતિ કરતાં આશીર્વાદ આપે છે કે આ રીતે પ્રભુના સ્વરૂપને ઓળખીને, સમજીને તેમના ગુણોનું જે ગાન કરશે તે **''દીનબંધુની મહેર નજરથી આનંદઘન પદ પાવે.''** આ દીનના બંધુ એવા છે કે આવા ઉત્તમ સાધકને તેની દીનતામાંથી બહાર કાઢી એવી કૃપાદૃષ્ટિ વરસાવે છે કે તે ભવ્ય જીવ પણ થોડા ભવોમાં પ્રભુના જેવા જ

**(અનુસંધાન પાના નં. ૧૧ પર...)**


# શ્રી ભક્તામર સ્તોત્ર
## (ક્રમાંક - ૩)

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

## માનતુંગાચાર્યની વિનમ્રતા (ગાથા ૩-૪)

**● પ્રાસ્તાવિક :**

હવે, ૩ થી ૨૨ ગાથા સુધી આચાર્યશ્રી દરેક ગાથાના પહેલા બે ચરણમાં પોતાનો હેતુ કહે છે અને છેલ્લા બે ચરણમાં સામાન્યજનો પણ સરળતાથી સમજી શકે તેવી સુંદર ઉપમાવાળા દૃષ્ટાંતો આપીને તે હેતુના ભાવને સ્પષ્ટ કરે છે અને આ રીતે પોતાની ઉત્તમ કવિત્વ શક્તિનો આપણને આસ્વાદ કરાવે છે. સિદ્ધાંતની અર્થગંભીર વાત દૃષ્ટાંત આપીને સમજાવવી એ જૈન સંતોની આગવી શૈલી છે. તેથી જ કહેવાયું છે કે "વિના દૃષ્ટાંત નહિ સિદ્ધાંત." જૈનદર્શનનું ગંભીર તત્ત્વજ્ઞાન આ ઉપમાઓમાં જ આચાર્યશ્રીએ અદ્‌ભુત રીતે ગૂંથી લીધું છે.



**● અનુસંધાન :**

ગયા અંકમાં મંગલાચરણ (ગાથા-૧-૨) કર્યા પછી હવે આપણે, આચાર્યશ્રી પોતાની નમ્રતા લઘુતાપૂર્વક દર્શાવે છે તે ગાથાઓ (૩-૬), આ અને આવતા અંકમાં યથાશક્તિ વિચારીશું. એક અપેક્ષાએ, ગાથા ૧-૨માં પરમાત્માનો 'પરિચય' આપ્યા પછી માનતુંગાચાર્ય આ ૪ ગાથાઓ (૩ - ૬)માં પોતાનો 'પરિચય' આપે છે. આ ૪ ગાથામાં આચાર્યશ્રીનો પોતાની લઘુતા (નમ્રતા) સાથે જ ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરવાનો સંકલ્પ પાર પાડવાનો અપૂર્વ ઉત્સાહ છે. આ કાર્ય મહાન, ગંભીર અને કઠિન હોવા સાથે પોતાની શક્તિ મંદબુદ્ધિવાળી અલ્પ હોવા છતાં સૂરિજીની ભક્તિ અનન્ય, અદમ્ય અને અદ્‌ભુત છે.

નવેમ્બર ૨૦૧૪ના 'દિવ્યધ્વનિ' (આ લેખમાળાનો ક્રમાંક - ૧)માં આપેલ સંદર્ભ સૂચિમાં એક ઉમેરીએ છીએ : "શ્રી ભક્તામર સ્તોત્ર, રસિકલાલ છગનલાલ શેઠ, વડોદરા."

**● મૂળ શ્લોક : ગાથા - ૩** (વસંતતિલકા)

**बुद्धया विनाऽपि विबुधार्चितपादपीठ ।**
**स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम् ।**
**बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब -**
**मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥३॥**

**● શબ્દાર્થ :**

बुद्धया विनाऽपि - બુદ્ધિ વિના પણ; विबुध - દેવ; अर्चित - પૂજિત; पादपीठ - પગ મૂકવાનું આસન; स्तोतुं - (તમારી) સ્તુતિ કરવાને; समुद्यतमतिः - તૈયાર થઈ છે જેની બુદ્ધિ એવો;

विगतत्रपः - મર્યાદાના ભાન વિના; अहम् - હું(માનતુંગસૂરિ); बालं विहाय - બાળક વિના; जलसंस्थितम् - પાણીમાં રહેલું; इन्दुबिम्बम् - ચંદ્રના પ્રતિબિંબને; सहसा - વગર વિચાર્યે; क - કોણ; ग्रहीतुम् - ગ્રહણ કરવાને.

**● સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

દેવો સર્વે મળી કરે પૂજના આપ કેરી,
મૂકી લજ્જા મતિહીન છતાં ભક્તિ મારી અનેરી;
જોઈ ઈચ્છે ગ્રહણ કરવા પાણીમાં ચંદ્રને જે,
નિશ્ચે એવી હઠ નહિ કરે બાળ વિના સહેજે. (૩)

**● ભાવાર્થ :**

દેવોએ જેમનું પાદપીઠ પૂજ્યું છે એવા હે જિનેશ્વરદેવ ! તમારી સ્તુતિ કરવા યોગ્ય મારી બુદ્ધિ નહિ હોવા છતાં, હું મારી મર્યાદાનું ભાન ભૂલીને, તમારી સ્તુતિ કરવા તત્પર બન્યો છું. પાણીમાં પડેલું ચંદ્રનું પ્રતિબિંબ વગર વિચાર્યે પકડવાની ઇચ્છા બાળક સિવાય બીજો કોણ કરે ?

**● વિશેષાર્થ / પરમાર્થ :**

માનતુંગાચાર્યની દૃષ્ટિ બેડી કે તાળા પર નથી પણ માત્ર પરમાત્મા પર જ છે. આ ગાથાથી આચાર્ય પ્રભુને સીધું સંબોધન કરે છે. અહીંથી પ્રભુ સાથેનો તેમનો વાર્તાલાપ શરૂ થાય છે. માનતુંગાચાર્ય અત્રે કહે છે કે હે જિનેશ્વરદેવ ! તમે પરમ પૂજ્ય દેવાધિદેવ છો. દેવો તમારા ચરણને અને પગ મૂકવાના આસનને પણ પૂજે છે. ભક્તોએ પ્રભુની પૂજનીયતા (મહત્તા) પરમાત્મામાંથી આત્મા-શરીર-ચરણ-પાદપીઠ સુધી પહોંચાડી છે ! આવા જ ભાવમાં શ્રી આનંદઘનજી ધર્મનાથ ભગવાનના સ્તવનમાં કહે છે : "ધન્ય તે નગરી, ધન્ય વેલા ઘડી, માતપિતા કુળવંશ." અધ્યાત્મ કવિ શ્રી ભૂધરદાસ પણ આવો જ સૂર પુરાવે છે કે "વે ગુરુ (પ્રભુ) ચરણ જહાં ધરેં, જગ મેં તીરથ તેહ." શક્તિશાળી દેવો સાથે મળીને આપની ભક્તિ/પૂજા કરે છે ત્યારે તમારા ગુણોને વર્ણવવા માટે ૧૦૦ ઇંદ્રોની વાણી પણ પૂરતી નથી, જ્યારે હું તો સાવ મતિહીન અને શક્તિરહિત છું. છતાં આપની સ્તુતિ કરવા પ્રવૃત્ત થયો છું તેમાં મારી આપના પ્રત્યેની અનન્ય ભક્તિ જ મુખ્ય નિમિત્ત છે. મારી અલ્પતાનું ભાન મને પૂરેપૂરું છે, પણ અતિશય ભક્તિને લીધે જ એ લજ્જાનો મેં ત્યાગ કર્યો છે. પ્રભુ ! મારા આ કાર્યને બાળકની પ્રવૃત્તિ ગણી ઉદારતાથી નિભાવી લેશો.

સૂરિજીને પોતાની મર્યાદાનું ભાન છે પણ પ્રભુ-સ્તુતિ કરવાનો સંકલ્પ પૂરો કરવામાં તે બાધક નથી. શક્તિ નથી પણ ભક્તિ છે. ભક્તિ કરવા માટે બુદ્ધિ નહિ પણ હૃદયમાં પરમાત્મા પ્રત્યેના પ્રેમનો પ્રવાહ છે.

વ્યવહારમાં, જે કામમાં આપણી બુદ્ધિ-શક્તિ પહોંચતા હોય તે જ કામ કરીએ છીએ, નહીં તો નિષ્ફળતા અને નિરાશાનો વખત આવે. પરંતુ પ્રભુ ! આપની સ્તુતિ કરવાનો ઉત્સાહ મારા હૃદયમાં એટલો પ્રબળ છે કે હું મારી શક્તિની હદ વટાવીને પણ તે માટે તત્પર થયો છું.

ભક્તામર સ્તોત્રમાં પોતાના વિધાનોનું સમર્થન કરવા આચાર્યશ્રી દૃષ્ટાંતોનો કુશળતાપૂર્વક ઉપયોગ કરે છે. અહીં પણ એવા એક નિર્દોષ, સરળ અને જન સામાન્યના અનુભવમાં આવતો બનાવ દૃષ્ટાંતરૂપે કરે છે.


પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ પડે છે તે ઘણું સુંદર દેખાય છે પણ અપેક્ષાએ તે મૃગજળ જેવું હોવાથી કોઈ બુદ્ધિમાન મનુષ્ય તેને પકડવાનો પ્રયત્ન કરતો નથી, પરંતુ બાળક એ પ્રતિબિંબ પકડવાને, વિચાર કર્યા વિના હોંશભેર તૈયાર થાય છે અને પ્રયત્ન પણ કરે છે. બાળકના ૩ લક્ષણો છે : (૧) કાર્યની સંભવિતતાનો વિચાર નથી, (૨) પોતાની શક્તિ-મર્યાદાનો વિચાર નથી અને (૩) કોઈ લજ્જા

(શરમ, ભય, દોષ) નથી. બાળકની ૨ વિશેષતાઓ છે : (૧) બાલ્યતા (child-like) એટલે નિર્દોષતા અને (૨) બાલીશતા (childish) એટલે નિર્બોધતા. પ્રભો ! મારામાં બાલ્યતા (બાળકપણું) છે પણ બાલીશતા નથી (child-like but not childish). હે દેવ ! આપની સ્તવના કરવાનો મારો આ પ્રયત્ન પણ એવી બાલચેષ્ટા જેવો છે. પાણીમાં રહેલા ચંદ્રમાના પ્રતિબિંબને અબોધ બાળક સિવાય કોણ પકડવાને ઇચ્છે ? આ દૃષ્ટાંત રામાયણ ચરિત્રના પ્રસિદ્ધ શ્રી રામના બાળપણનું લઈને જૈનદર્શનના 'બાળજીવ' કહેતા સિદ્ધાંતના અબોધપણા સાથે સુંદર રીતે ઘટાવ્યું છે. તે બહુ હૃદયસ્પર્શી દૃષ્ટાંત છે. અહીં બાળકપણું દોષના અર્થમાં નથી લેવાનું પણ ઈષ્ટ વસ્તુને પ્રાપ્ત કરવાની ઉત્કંઠા તરીકે લેવાનું છે.

ભક્તહૃદય કેવું નમ્ર - વિનયી હોવું જોઈએ તેનું આ સુંદર દૃષ્ટાંત છે. શ્રી માનતુંગસૂરિ એક સમર્થ વિદ્વાન, સંસ્કૃત-પ્રાકૃતના પ્રકાંડ પંડિત અને વેદોમાં પારંગત છે, વાણી પર અદ્વિતીય પ્રભુત્વ ધરાવે છે, છતાં ભગવાનની સ્તુતિ માટે પોતાને અસમર્થ માને છે ! જ્યાં સુધી નમ્રતા ન આવે, આવી લઘુતા ન પ્રગટે, ત્યાં સુધી ભગવાનની ભક્તિ યથાર્થપણે થઈ શકતી નથી. તેથી જ નવધા ભક્તિમાં લઘુતા સાતમી છે, પછી તો સમતા અને એકતા (પરાભક્તિ) જ છે. આચાર્યશ્રી કહે છે કે હે નાથ ! મારી બુદ્ધિ થોડી છે પણ સમ્યક્ છે અને આપના ગુણોમાં જ લાગેલી છે. ભલે શક્તિ થોડી, જ્ઞાન થોડું, પણ પ્રેમ તો આપની સર્વજ્ઞતાનો અને વીતરાગતાનો જ જાગ્યો છે. પ્રભો ! જીવનમાં અધ્યાત્મની ઉત્કૃષ્ટ સાધના કરીને આપ પરમાત્મા થયા અને જગતને અધ્યાત્મસાધનાનો માર્ગ બતાવ્યો. અમે પણ તે જ માર્ગે આવીએ છીએ. આમ, ભગવાનના માર્ગે ચાલવું તે ભગવાનની સમ્યક્ ભક્તિ છે. હે નાથ ! મારા હૃદયરૂપી સરોવરમાં, મારા નિર્મળ મતિ-શ્રુત જ્ઞાનમાં આપની સર્વજ્ઞતાનું પ્રતિબિંબ કોતરાઈ ગયું છે, તેથી તેની પ્રાપ્તિ માટે હું આપની સ્તુતિ કરું છું.

**● મૂળ શ્લોક - ગાથા-૪** (વસંતતિલકા)

**वक्तुं गुणान् गुणसमुद्र ! शशाङ्ककान्तान्**
**कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्धया ।**
**कल्पान्तकाल पवनोद्धत नक्रचक्रं**
**को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ॥४॥**



**● શબ્દાર્થ :**

वक्तुं - કહેવાને; गुणान् - ગુણોને; शशाङ्क - ચંદ્ર; कान्तान् - ઉજ્જવલ; कः - કોણ; ते - તારા(તમારા); क्षमः - સમર્થ; सुरगुरु - દેવોના ગુરુ(બૃહસ્પતિ); प्रतिम - સમાન; बुद्धया - બુદ્ધિ વડે; कल्पान्तकाल - પ્રલયકાળ; पवनोद्धत - પવન વડે ઉછળી રહેલો; नक्रचक्र - મગરમચ્છ વગેરે ભયંકર જળચરોનો સમુદાય; वा - અથવા; तरीतुम् - તરવાને; अम्बुनिधिम् - સમુદ્રને; भुजाम्याम् - બે હાથ વડે; अलम् - સમર્થ છે (?)

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) :

સદ્‌ગુણોથી ભરપૂર તમે ચંદ્રવત્ શોભનારા,
દેવોના યે ગુરુ નવ શકે ગુણ ગાઈ તમારા;
જે સિંધુમાં પ્રલય સમયે ઉછળે પ્રાણીઓ રે,
તેને ક્યારે પણ તરી શકે કોણ રે બાહુ જોરે . (૪)

● **ભાવાર્થ :**

હે ગુણસમુદ્ર પ્રભો ! તમારા ચંદ્ર જેવા ઉજ્જવલ ગુણો કહેવા માટે દેવોના ગુરુ બૃહસ્પતિ પણ ક્યાં સમર્થ છે ? અથવા તો પ્રલયકાળના પવનથી જેમાં મગરમચ્છ વગેરે ભયંકર જળચર પ્રાણીઓ ઉછળી રહેલા છે, એવો સમુદ્ર પોતાની બે ભુજા વડે તરવાને કયો મનુષ્ય શક્તિમાન છે ?

● **વિશેષાર્થ / પરમાર્થ :**

આ ગાથામાં સૂરિજી, પોતે ઉપાડેલું આદિનાથ પ્રભુની સ્તુતિનું કાર્ય કેટલું ગંભીર અને કઠિન છે તે નમ્રતા, લઘુતા અને હોંશપૂર્વક, પ્રલયકાળના સમુદ્રમાં અસહાય એકલા તરવાના દુઃસાહસના દૃષ્ટાંત સાથે વર્ણવે છે. આચાર્યશ્રીને પ્રભુના ગુણરૂપી સમુદ્રને વર્ણવવાનું વિકટ કાર્ય મહાત્મા કબીરના આ દોહા જેવું લાગે છે :

**ધરતી કા કાગજ કરું, કલમ કરું વનરાય,**
**સાત સમુદ્ર કી શાહી કરું, હરિ ગુણ લિખ્યા ન જાય.**

આચાર્યશ્રી કહે છે કે હે જિનેશ્વર ! તમારા ગુણો અનંત છે, જ્યારે શબ્દો સીમિત છે, ભાષા પરિમિત છે, સમય મર્યાદિત છે અને મારો ક્ષયોપશમ અલ્પ છે. આ જીભેથી તમારા અમાપ-અસીમ-અનંત ગુણોનું કથન કઈ રીતે થઈ શકે ? એક સ્તવનના આ શબ્દો યાદ આવે છે,

**''શબ્દોમાં સમાય નહિ એવો તું મહાન,**
**કેમ કરી ગાઉં પ્રભુ તારા ગુણગાન.''**

તમારો દરેક ગુણ ચંદ્ર જેવો ઉજ્જવલ છે. આ બધા ગુણોની યથાર્થ સ્તુતિ બૃહસ્પતિ જેવી કુશાગ્ર બુદ્ધિવાળો મનુષ્ય પણ કરી શકે નહિ, તો મારું શું ગજું ?

સૂરિજી તેમની લાક્ષણિક શૈલીમાં, તેમના કથનની પુષ્ટિ માટે દૃષ્ટાંત આપે છે. જ્યાં પ્રલયકાળનો પવન ફૂંકાતો હોય અને મગરમચ્છ જેવા ભયંકર જળચર પ્રાણીઓ જેમાં હોય એવા મહાસમુદ્રને માત્ર પોતાના બે હાથે કયો મનુષ્ય તરી શકે ? તે જ રીતે કોઈ ગમે તેવો બુદ્ધિમાન અને વિદ્વાન હોય તો પણ તમારા ગુણોનું યથાર્થ વર્ણન કરી શકે નહિ. પ્રભુના ગુણગાન કરવાનું કાર્ય કેવું ગંભીર અને વિકટ છે તેના બે લક્ષણો : (૧) ૧૨ અંગના ધારક અને લબ્ધિધારી બૃહસ્પતિ હજાર જીભથી અસંખ્ય વર્ષ સુધી કહે તો પણ પૂરું ન થાય અને (૨) પ્રલયકાળના મહાસમુદ્રમાં ક્રૂર જળચરો વચ્ચે એકલા બે ભુજા વડે તરવાના કાર્ય કરતા પણ વધુ વિકટ (પવન-પાણી-પ્રાણીનો ભય). ગુણો અનંત છે અને વાણી ક્રમવર્તી છે. તે વાણીથી બધા ગુણોનું વર્ણન કેવી રીતે થઈ શકે ? વળી, તીર્થંકર ભગવાનના એક જ ગુણનું યથાર્થ વર્ણન વૈખરી (સ્પષ્ટ અને અસ્ખલિત) વાણી પણ કરી શકે નહીં.

માનતુંગસૂરિજીએ અહીં સુયુક્તિપૂર્વક એક બાજુ સુખના ભંડારરૂપ પ્રભુના ગુણોરૂપી સમુદ્ર અને બીજી બાજુ દુઃખના દરિયારૂપ પ્રલયકાળની ભયંકરતા એમ પરસ્પર વિરોધી વસ્તુની સરખામણી કરી છે : સુખનો સમુદ્ર અને દુઃખનો દરિયો ! પણ બંનેની તીવ્રતા સરખાવેલ છે. આમ, પોતે ઉપાડેલા કાર્યની મહત્તા તથા મર્યાદા તેમના લક્ષમાં છે જ. તેથી આગળની (ત્રીજી) ગાથામાં તેમણે બતાવેલ પોતાનું બાળકપણું એ બાલીશતા નથી પણ ભક્તહૃદયની ઊંડી સંવેદના અને સમર્પણતાનો આવિર્ભાવ છે.

આચાર્યશ્રીએ આ સ્તુતિ કોઈ પ્રશંસા-પ્રદર્શન-પ્રભાવ માટે કે કોઈ ગુરુતા-દંભ-દેખાડો-

**(અનુસંધાન પાના નં. ૩૧ પર...)**

# સમ્યગ્દર્શન (આત્મદર્શન)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## સમ્યગ્દર્શનના અતિચાર

**(૨) કાંક્ષા-અતિચાર :** ધર્મના ફળ સ્વરૂપ સાંસારિક સુખોની ઈચ્છા કરવી કાંક્ષા નામક દોષ છે. ઘોર તપસ્યા આદિ કરીને નારાયણ, પ્રતિનારાયણ આદિ પદોની ઈચ્છા રાખવી આદિ સમ્યગ્દર્શનમાં અતિચાર લગાવે છે અથવા સમ્યક્ત્વ જ નાશને પ્રાપ્ત થાય છે.

**(૩) વિચિકિત્સા અતિચાર :** રત્નત્રયથી પવિત્ર પરંતુ બાહ્યમાં મલિન શરીરથી યુક્ત મુનિઓને જોઈને અથવા કર્મોના સતાયેલા દીન-દુ:ખીઓને, રોગી વ્યક્તિઓને જોઈને મનમાં ગ્લાનિ ઉત્પન્ન થવી તે વિચિકિત્સા છે. તેનાથી પણ આપણા સમ્યક્ત્વમાં અતિચાર લાગે છે.

**(૪) અન્ય દૃષ્ટિ પ્રશંસા :** વીતરાગ ધર્મ સિવાય અન્ય મતો કે દર્શનના વિદ્વાનોના જ્ઞાન, વિદ્વત્તા આદિ ગુણોને મનથી સારા માનવા, મનમાં તેમના પ્રત્યે બહુમાન જાગવું તેને અન્ય દૃષ્ટિ પ્રશંસા દોષ કહે છે. મિથ્યાદર્શનોના વ્યક્તિઓ પ્રત્યે મનમાં આદર-બહુમાન જાગવાથી તે દર્શન પ્રત્યે ધીરે ધીરે આપણો ઝુકાવ થવા લાગે છે અને વીતરાગ દર્શનથી ધીરે ધીરે આપણો ઝુકાવ દૂર થતો જાય છે, જે મહાભારે અનર્થકારી દોષ છે. મૂળ માન્યતામાં જ દોષ લાગવાથી તેને અતિચારની ગણતરીમાં લીધો છે.

**(૫) અન્યદૃષ્ટિ સંસ્તવ :** અન્ય મતો તથા તેમને માનનારની વચન દ્વારા પ્રશંસા કરવી તે અન્ય દૃષ્ટિ સંસ્તવ નામનો દોષ છે. કુમતોની સાર્વજનિક રૂપથી પ્રશંસા કરવાથી સર્વ સાધારણમાં તેના વિશેની શ્રદ્ધા ઊંડી થતી જાય છે. જ્યારે કુમતો પર શ્રદ્ધા થવા લાગે છે ત્યારે પવિત્ર વીતરાગ ધર્મના અનુયાયીઓ સ્વાભાવિક જ ઓછા થઈ જાય છે, જેનાથી સાચા ધર્મનો હ્રાસ થવા લાગશે. તેથી આપણે અન્ય કુમતો તથા તેમના અનુયાયીઓની ખુલ્લા હૃદયથી વાણી દ્વારા પ્રશંસા કરવી જોઈએ નહિ, તેનાથી સાચા ધર્મના અવર્ણવાદનો દોષ લાગે છે તથા દર્શનમોહ કર્મનો બંધ થાય છે. અન્ય મતો પ્રત્યે મધ્યસ્થ રહેવું તે સર્વોત્તમ માર્ગ છે.

ઉપરોક્ત પાંચ અતિચારોનું સૂક્ષ્મ જ્ઞાન કરીને આપણે તેનાથી દૂર રહી તથા પોતાના સમ્યક્ત્વને નિર્મળ બનાવી રાખવું એ જ ભાવાર્થ છે.

## સમ્યગ્દર્શનની પાત્રતા

યોગ્ય વસ્તુ યોગ્ય પાત્રમાં જ રહે છે. પાત્રતા વિના વસ્તુ ટકતી નથી તેથી હવે આપણે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવાની યોગ્યતાઓ વિશે વિચારીશું.

(૧) આમ તો, મૂળરૂપથી પ્રથમ તો જે જીવ ભવ્ય હોય અર્થાત્ જેનામાં મોક્ષ થવાની સંભાવના છે તે પાત્ર છે. આ લોકમાં અનંતાનંત જીવ એવા પણ છે કે જે ક્યારેય મોક્ષે જશે નહિ. તેમનામાં શક્તિ તો છે પરંતુ તે શક્તિ ભવિતવ્યતાના અભાવે ક્યારેય પણ પ્રગટ થશે નહીં. એવા જીવોને અભવ્ય કહે છે. તેનાથી વિપરીત જેમનામાં મોક્ષદશા પ્રગટ થવાની ભવિતવ્યતા છે તેને ભવ્યજીવ કહે છે. યોગ્ય દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવની પ્રાપ્તિથી આ જીવ મોક્ષદશા પ્રગટ કરવાનું સામર્થ્ય ધરાવે છે. આ ભવ્ય જીવોમાં જ સમ્યક્ત્વ ઉદય થવાની સંભાવના છે. અન્ય જીવોમાં તે નથી. તેથી "સમ્યક્ત્વની પ્રથમ પાત્રતા ભવ્ય હોવું છે, જે

ભવિતવ્યતાને આધીન છે.''

(૨) બીજું જે જીવ પર્યાપ્તક હોય અર્થાત્ જેમનામાં એક શરીરથી બીજું શરીર ધારણ કરતા તે નવીન શરીરના કારણભૂત (i) આહાર, (ii) શરીર, (iii) ઈન્દ્રિયો, (iv) શ્વાસોચ્છ્વાસ, (v) ભાષા, (vi) મન-આ છ પર્યાપ્તિઓને પૂર્ણ કરવાની શક્તિ હોય છે તેને પર્યાપ્તક જીવ કહે છે. આ પર્યાપ્તક જીવોમાં જ સમ્યગ્દર્શન પ્રગટ કરવાની યોગ્યતા હોય છે, અન્ય અપર્યાપ્તકોમાં નહીં.

(૩) ત્રીજું તે જીવ મન સહિત (સંજ્ઞી) પંચેન્દ્રિય હોવો જોઈએ. એક ઈન્દ્રિયથી લઈને ચાર ઈન્દ્રિય સુધીના જીવો તો નિયમથી મન રહિત જ હોય છે તેમને અસંજ્ઞી કહે છે તથા કેટલાક પક્ષીઓની જાતિઓ, થોડી સર્પોની જાતિઓ આદિ પંચેન્દ્રિય જીવો પણ મનરહિત હોય છે. આ જીવોમાં મનના અભાવે ઈષ્ટ-અનિષ્ટનો વિચાર કરવાનું સામર્થ્ય હોતું નથી તેથી સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે તેઓ અપાત્ર છે. એક સંજ્ઞી પંચેન્દ્રિય જીવ જ મન દ્વારા વિચાર, મંથન આદિથી જીવાદિ તત્ત્વોનો સાચો નિર્ણય કરીને શ્રદ્ધાન કરવાના પાત્ર હોય છે.

(૪) ચોથું કારણ કાલલબ્ધિ હોવી પણ સમ્યગ્દર્શન માટે અનિવાર્ય છે. જે ભવ્ય પણ છે, પર્યાપ્તક પણ છે તથા મનસહિત પંચેન્દ્રિય પણ છે તથા સમ્યક્ત્વની પ્રાપ્તિની ભાવનાવાળો પણ છે અને પ્રયત્નશીલ પણ છે પરંતુ જ્યાં સુધી તેની કાળલબ્ધિ ન આવે ત્યાં સુધી તેને સમ્યક્ત્વ પ્રગટ થતું નથી. કાળલબ્ધિનો અર્થ અહીં એ સમયની પ્રાપ્તિ છે કે જે સમયે સમ્યક્ત્વનું પ્રગટીકરણ થાય.

કોઈ પણ કાર્ય થવામાં પાંચ કારણો હોવા અનિવાર્ય છે તેને શાસ્ત્રોમાં **'પાંચ સમવાય કારણ'** કહે છે. આ પાંચ સમવાય કારણો પરિપૂર્ણ થવાના સમયને જ કાળલબ્ધિ કહેવાય છે. સંક્ષેપમાં પ્રસંગવશ આપણે તે કારણોને જાણીશું.

### પાંચ સમવાય કારણ

**(૧) નિમિત્તકારણ :** કોઈ પણ કાર્ય યોગ્ય નિમિત્ત વિના થઈ શક્તું નથી. જો કે સમસ્ત દ્રવ્યોનું પરિણમન સ્વતંત્ર છે પરંતુ તો પણ પ્રત્યેક દ્રવ્યની અવસ્થા પરિવર્તનમાં અન્ય દ્રવ્ય નિમિત્તરૂપથી સહાયક હોય છે. જેવી રીતે ધર્માસ્તિકાય જીવ તથા પુદ્ગલ પદાર્થોને ગતિ કરવામાં ઉદાસીન નિમિત્ત છે. કાળ બધા દ્રવ્યોની અવસ્થાના પરિવર્તનમાં ઉદાસીન નિમિત્ત કારણ છે. ખરેખર તો તે બન્ને પોત-પોતાનું સ્વતંત્ર કાર્ય કરી રહ્યા છે. જેમકે સૂર્ય ઉગતા જ ફૂલ ખીલવા લાગે છે તેમાં સૂર્ય પોતાનું કાર્ય કરી રહ્યો છે તથા ફૂલ પોતાનું, પરંતુ નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી એવું છે કે એકના હોવાથી બીજું હોય છે, એકના ન હોવાથી બીજું હોતું નથી.

આપણા આત્મામાં સમ્યક્ત્વ પ્રગટ થવાના કાર્યમાં પણ યોગ્ય નિમિત્ત વિના કાર્ય થઈ શક્તું નથી. આમાં બે પ્રકારથી નિમિત્ત કાર્ય કરે છે :-

**(1) અંતરંગ નિમિત્ત :** સમ્યગ્દર્શન પ્રગટ થવામાં અંતરંગ નિમિત્ત કારણ સાત પ્રકૃતિઓ (ચાર અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ તથા મિથ્યાત્વ, મિશ્ર મોહનીય, સમ્યક્પ્રકૃતિ - આ ત્રણ દર્શનમોહનીય)નો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ છે. ક્ષય થાય તો ક્ષાયિક સમ્યક્ત્વ ઉપશમ થાય તો ઉપશમ સમ્યક્ત્વ અને ક્ષયોપશમ થાય તો ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રગટ થાય છે.

**(2) બહિરંગ નિમિત્ત કારણ :** સમ્યક્ત્વ પ્રગટ થવા માટે ભિન્ન ભિન્ન ગતિઓના જીવો માટેના બહિરંગ નિમિત્ત કારણો પણ ભિન્ન ભિન્ન છે.

**(i) નરકગતિમાં :** નારકી જીવોમાં ૧ થી ૩ નરકોના જીવોને પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન, કોઈ દેવ દ્વારા ધર્મશ્રવણ તથા વેદનાથી ઉત્પન્ન વૈરાગ્યથી સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે તથા ૪ થી ૭ નરકોમાં જાતિસ્મરણ તથા વેદનાના અનુભવથી થયેલ

વૈરાગ્યના કારણે તત્ત્વશ્રદ્ધાન થઈ શકે છે. અહીં એ ન સમજવું કે નરકોના જીવોને નિયમથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય જ છે કારણ કે નરકોમાં તો સમ્યક્ત્વ થવાની સંભાવનાઓ અતિ અલ્પ હોય છે, પરંતુ અપવાદરૂપ જેમને થાય છે તેમને ઉપરોક્ત કારણોથી થાય છે.

**(ii) મનુષ્ય તથા તિર્યંચગતિમાં સમ્યક્ત્વ :** મનુષ્ય તથા તિર્યંચ ગતિમાં જાતિસ્મરણથી, દેવ-શાસ્ત્ર-ગુરુ દ્વારા ધર્મશ્રવણ કરવાથી તથા વીતરાગ જિન પ્રતિમાના દર્શન કરવાથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

**(iii) દેવગતિમાં :** દેવગતિમાં ૧ થી ૧૨ સ્વર્ગો સુધી જાતિસ્મરણ, ધર્મશ્રવણ, તીર્થંકરોના કલ્યાણકોના દર્શનથી, તથા મોટા મોટા રિદ્ધિધારી દેવોની વિક્રિયા જોઈને તે રિદ્ધિઓની ઉત્પત્તિનું કારણ સમ્યક્ત્વના સદ્ભાવમાં કરેલ જિનભક્તિ આદિ છે એવું જાણીને સમ્યક્ત્વ પ્રત્યે અહોભાવ લાવીને તત્ત્વશ્રદ્ધાન થવાથી સમ્યક્ત્વની ઉત્પત્તિ થાય છે. તથા ૧૩ થી ૧૬ સ્વર્ગો સુધી જાતિસ્મરણ, ધર્મશ્રવણ તથા જિનકલ્યાણક દર્શનના નિમિત્તથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે તથા ૯ ગ્રૈવેયકમાં જાતિસ્મરણ તથા ધર્મશ્રવણના નિમિત્તથી તત્ત્વશ્રદ્ધાન થાય છે.

આ રીતે ચારે ગતિઓમાં અલગ અલગ બહિરંગ નિમિત્ત કારણોથી સમ્યક્તત્ત્વોપલબ્ધિ થાય છે. વિશેષ એટલું કે ચારે ગતિઓમાંથી મનુષ્યગતિમાં સમ્યક્ત્વ થવાની સંભાવના સર્વાધિક હોય છે કારણ કે નરકોમાં જીવોને દુઃખો તથા કષ્ટોથી અવકાશ જ હોતો નથી તથા યોગ્ય નિમિત્તનો પણ અભાવ હોય છે. સ્વર્ગોમાં દેવ ઈન્દ્રિય વિષયોમાં જ અનુરક્ત રહે છે તેથી ધર્મ કરવાની સંભાવનાઓ ઓછી રહે છે તથા તિર્યંચ પણ દુઃખોથી પીડિત જ રહે છે તેથી તેમનામાં પણ ધર્મબુદ્ધિ ઉત્પન્ન થવાની સંભાવનાઓ ઓછી જ રહે છે. એક મનુષ્યભવમાં જ સર્વ પ્રકારની અનુકૂળતા હોય છે તેથી હે ભવ્ય જીવો! આ અમૂલ્ય ચિંતામણિથી પણ અનંત ઘણા મૂલ્યવાન આ મનુષ્યભવની પ્રાપ્તિ છે તેથી હવે તેને સાર્થક કરો. આ સ્વર્ણિમ અવસરનો લાભ ઉઠાવીને જગતના પ્રપંચોથી વિરક્ત થઈને એક નિર્મળ સમ્યક્ત્વની પ્રાપ્તિના સત્પુરુષાર્થમાં લાગી જાઓ એ જ મહાપુરુષોનો સ્વર્ણિમ સંદેશ છે.

આ રીતે આપણે નિમિત્ત કારણોને જાણ્યા. હવે બીજા કારણોને જાણીશું.

**(૨) ઉપાદાન કારણ :** ઉપાદાનનો અર્થ થાય છે પદાર્થની સ્વયં પુરુષાર્થ કરવાની યોગ્યતા. જીવની સ્વભાવગત શક્તિઓને ઉપાદાન શક્તિ કહે છે. આ ઉપાદાન શક્તિઓ પણ બે પ્રકારની હોય છે :

(૧) સત્તાગત અપ્રગટ ઉપાદાન શક્તિ.

(૨) પ્રગટ ઉપાદાન શક્તિ.

જેમ કે બધા પ્રાણીઓમાં શક્તિ અપેક્ષાએ કેવળજ્ઞાન આદિ શક્તિઓ છે પરંતુ અભવ્ય જીવોમાં એ શક્તિઓ ક્યારેય પણ પ્રગટ થશે નહીં. તેથી ઉપાદાન શક્તિ હોવા છતાં પણ તે અપ્રગટ જ છે. તેથી તેને અપ્રગટ ઉપાદાન શક્તિ કહે છે તથા ભવ્ય જીવ કેવળજ્ઞાન આદિને પ્રગટ કરશે. તેથી તેમનામાં પ્રગટ ઉપાદાન શક્તિ કહેવાય છે. ખરેખર તો કોઈપણ કાર્ય થવામાં પદાર્થની ઉપાદાન શક્તિ જ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. તેથી યોગ્ય ઉપાદાન વિના ગમે તેટલા નિમિત્ત હોય પરંતુ કાર્ય થઈ શક્તું નથી. જેમ કે એરંડાના ઝાડને ગમે તેટલું પાણી, ખાતર આદિ આપો તો પણ તે ખજૂર જેટલું ઊંચું થઈ શકતું નથી, નાનું જ રહે છે કારણ કે તેની પોતાની ઉપાદાનની યોગ્યતા નથી.

"સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની જીવની ઉપાદાન શક્તિ તે તેની તત્ત્વપ્રાપ્તિ કરવાની અંતરંગ પ્રામાણિક અભિપ્સા જ છે." **(ક્રમશઃ)**

# સો દવા - એક દુઆ, મા-બાપની દુઆ

પારૂલબેન ભરતકુમાર ગાંધી (રાજકોટ)

વર્તમાન સમયમાં આપણે જોઈએ તો વડીલોની દશા દિવસે-દિવસે ખરાબ થતી જાય છે. તેનું મુખ્ય કારણ આપણે પોતે છીએ. આપણી આપણા વડીલો પ્રત્યેની લાગણી, પ્રેમ, આદરભાવ અને સન્માન ઉત્તરોત્તર ઘટતાં જાય છે. દિવસો એવા આવ્યા છે કે આપણને આપણા હકો ક્યાં છે એ યાદ છે, પણ આપણી ફરજ શું છે ? આપણું વડીલો પ્રત્યે ઉત્તરદાયિત્વ શું છે ? તે બધું આપણે ભૂલી ગયા છીએ. આજે માનવી સ્વાર્થી બનતો જાય છે, અરે ! તે એટલી હદ સુધી સ્વાર્થી બનતો ગયો છે કે લોહીના સંબંધો, લાગણીના સંબંધો તો ભૂલી જ ગયા છે પરંતુ નવ-નવ મહિના સુધી જેણે પોતાના પેટમાં રાખી જેનો ભાર ઉપાડ્યો છે. એવી માના ઋણને પણ ભૂલી ગયો છે ! એટલે જ આજના પાંચ-પાંચ દીકરાને મા-બાપ પાળી-પોષી મોટા કરી શકે છે પણ ઘડપણ આવતાં એ પાંચ દીકરા વચ્ચે પણ એક માતા-પિતા સચવાતા નથી. અરે ! શરમજનક બાબત તો એ છે કે મા-બાપના ભાગ પાડવામાં આવે છે. મા-બાપને પુત્રોને ઘરે રહેવાના વારા કરવામાં આવે છે. અરે ! કેટલાયે પરિવારો એવા છે કે જ્યાં વડીલો પોતાના બાળકો દ્વારા દુઃખ અને વેદના મેળવી રહ્યા છે.

આજના યુવાવર્ગને માતા-પિતાની હાજરી ગમતી નથી. પોતાના જ લોહી દ્વારા તેઓ સતત ઉપેક્ષા અને અવગણનાનો શિકાર બની રહ્યા છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે આજે તેઓ વૃદ્ધ છે, આવતીકાલે આપણે વૃદ્ધ થવાના છીએ. જેવી દશા આપણે વડીલોની કરી છે, તેવી જ દશા આપણા પુત્ર-પુત્રીઓ આપણી કરવાના છે. કારણ કે છોકરાઓ જેવું નાનપણમાં જુએ તેવા જ તેમનામાં સંસ્કાર પડે. આપણે આપણા મા-બાપને જો સુખ ન આપતા, દુઃખ જ આપીશું તો બાળક તે જોઈને તે જ શીખવાનું છે. આ બધી બાબતો જ્યારે આપણી સમક્ષ આવશે ત્યારે સામાજિક સ્થિતિમાં એક બોમ્બ વિસ્ફોટ થવા જેવી દશા થવાની છે. જે દીકરાને મા-બાપ હોંશથી ઉછેરે, પ્રેમથી લાલન-પાલન કરે, લાડ-કોડથી ભણાવે, રંગે-ચંગે પરણાવે એ જ દીકરાને મા-બાપ 'ઓર્થોડોક્સ' લાગે છે. જે દીકરાની વહુને મા-બાપ પસંદ કરીને લાવે છે એ જ વહુ સાસુ-સસરાને પોતાના ઈશારા પર નચાવે છે. મોટાભાગના લાચાર, મજબૂર અને લાગણીથી બંધાયેલા માતા-પિતા, દીકરા-વહુના આવા અત્યાચાર મૂંગા મોઢે સહન કરતાં હોય છે. વૃદ્ધાવસ્થા આવતા જે શારીરિક રીતે નિર્બળતા અનુભવતા હોય, માનસિક રીતે અવગણનાનો સામનો કરતા હોય અને વારંવાર દીકરા-વહુઓના વ્યંગબાણ સાંભળીને જેમની આંખો હંમેશાં ભીની રહેતી હોય તેવા મા-બાપ જાણે કસાઈ પાસે પહોંચેલા પશુ જેવા નિઃસહાય બની જાય છે !

સમય આવી ગયો છે આ બાબત પર બરાબર ધ્યાન દઈને આ સમસ્યાનું સમાધાન કરવાનો. જો મોડું થઈ જશે તો આજે તો હજુ મા-બાપો ઘરમાં પણ જેમ - તેમ જીવન પસાર કરી લેતા હોય છે. પણ હવે પછીનો સમય એવો આવશે કે ઢોર જેમ પાંજરાપોળમાં સચવાય છે, તેમ ઘરડા માતા-પિતા વૃદ્ધાશ્રમમાં સચવાશે. મા-બાપને વૃદ્ધાશ્રમમાં મૂકી આવતા તેમના (સુ)પુત્ર ? કે પછી આધુનિક શ્રવણ ? જ્યારે મા-બાપને તરછોડે છે ત્યારે આંખમાંથી શ્રાવણ-ભાદરવો વરસાવતા અને જેના હૃદયમાં અસહ્ય વલોપાત ભર્યો છે તેવા મા-બાપને

જોઈને આ કસાઈઓને દયા પણ નથી આવતી ! ક્યારેક તો મન પોકારી ઉઠે છે કે,

કેમ કોઈ પાષાણ હૃદયને,
કરતાં નથી અશ્રુઓ અસર,
કુદરત ! તારા ઝરણાઓ તો,
કાળમીંઢ પથ્થરમાં પણ ફૂટે છે !!

મા-બાપના અશ્રુપાતની અવગણના કરતાં પુત્ર-પુત્રવધૂઓને એ ખબર નથી હોતી કે એ એક એક અશ્રુ એક એટમ્બોમ્બ જેવું છે. મા-બાપ કદીયે પોતાના બાળકોને બદદુઆ નથી આપતા, પરંતુ તેમની આંખમાંથી વહેતા ચોધાર અશ્રુ એ સ્વાર્થી પુત્રોની જિંદગીમાંથી સુખ-શાંતિ અને ચેન છિનવી લે છે. માટે આજથી જ જાગો, હજુ બહુ મોડું થયું નથી. આ બાબતે ગંભીરતાથી વિચાર કરો. હજુ જેઓ યુવાન છે તો આજથી જ તેઓ એવો નિર્ણય કરે કે મા-બાપને ક્યારેય એક આંસુ પડે તેવું વર્તન પણ ન કરવું. અત્યારથી જ જો આવું નક્કી કરી તદનુસાર પોતાના આચાર-વિચારને-વર્તનને પણ તે દિશામાં લઈ જશે તે પોતે તો સુખી થશે પણ સમાજ આખો સુખી થશે. આ માટે દરેક બહેનો-ભાઈઓ કૃપા કરીને આટલી બાબતો પર જરૂર ધ્યાન આપે :

૧. જો તમે પોતે ઇચ્છતા હો કે તમારો પોતાનો દીકરો શ્રવણની જેમ તમારી સેવા કરે તો પહેલા તમારે તમારા પતિને તેની માતાનો શ્રવણકુમાર બનવા દેવો જોઈએ, જેથી બાળકોમાં નાનપણથી જ તે સંસ્કાર દૃઢ થાય અને મોટા થઈને તે માતા-પિતાની ઉચિત સેવા કરે.

૨. તમારા બાળપણથી માંડીને યુવાની સુધી તમને પાળ્યા-પોષ્યા, ભણાવ્યા-ગણાવ્યા, પરણાવ્યા તેમની વૃદ્ધાવસ્થામાં તમે તેનો સહારો નહિ બનો તો તમારું ભાગ્ય તમારાથી રૂઠી જશે. વડીલોના નિસાસા તમારા ઘરસંસારને ચિનગારી બની સળગાવી દેશે કે પછી હાથમાં માત્ર રાખ જ આવશે.

૩. જે વ્યક્તિ પોતાના માતા-પિતાનું ધ્યાન રાખતી નથી, સાર-સંભાળ લેતી નથી એવી વ્યક્તિ કદાચ જીવદયામાં કરોડોનું દાન કરે તો તે પણ શૂન્ય છે. તેને દયા કહેવી... તે દયાનું પણ ઘોર અપમાન છે.

૪. બે-ત્રણ કિલો વજન બે-પાંચ કલાક ઉપાડીને જો તારો હાથ દુઃખવા માંડતો હોય તો વિચાર કર કે આ માતાએ તારો ભાર નવ નવ માસ સુધી કેવી રીતે ઉપાડ્યો હશે ? એ પણ પોતાના પેટમાં ! વિચાર.

૫. જે માતા-પિતાએ આંગળી પકડી ચાલતા શીખવાડ્યું, તે માતા-પિતાની વૃદ્ધાવસ્થામાં તેની આંગળી પકડી ધર્મસ્થાનકમાં લઈ જજે, કદાચ તારું કર્જ એ રીતે થોડું ઓછું થાય.

૬. મા-બાપને સોનેથી ન મઢો તો ચાલશે, હીરાથી ન જડો તો ચાલશે પરંતુ તેમનું દિલ બળે અને ભીતર સળગે એવું નહિ ચાલે. એમની બદદુઆ ક્યારેય ન લેતા.

૭. જે દીકરાના જન્મ વખતે મા-બાપે ગામ આખામાં પેંડા વહેંચ્યા, એ જ દીકરો વૃદ્ધાવસ્થામાં મા અને બાપને વહેંચે !! હાય, કેવી છે આ વિડંબના ! કેવી છે આ કળિયુગી મનોદશા !

૮. પત્નીની પસંદગી થઈ શકે છે પરંતુ માતા-પિતા તો પુણ્યથી જ મળે છે. પસંદગીથી મળવાવાળી પત્ની માટે પુણ્યથી મળેલા મા-બાપને ઠોકર ન મારતા. જો તેમને ઠોકર મારી તો તારું પુણ્ય તને ઠોકર મારી દેશે અને તું ઘર-ઘરની ઠોકરો ખાવા માટે લાચાર બની જઈશ. તારા પોતાના બાળકો તને પણ છોડશે.

૯. કબૂતરને ચણ અને ગાયને ચારો નાખવાવાળા સંતાન મા-બાપને દબાવે, હેરાન-પરેશાન કરે તો તે ચણ અને ચારો બંને નકામા છે.

૧૦. યાદ રાખજો, સપૂતો ! જે દિવસે તમારે કારણે

તમારી માતા-પિતાની આંખમાં અશ્રુ આવશે તે દિવસે તમે કરેલું બધું જ ધર્મધ્યાન તે આંસુઓમાં વહી નષ્ટ થઈ જશે.

૧૧. મંદિરમાં માતાને ચૂંદડી ચઢાવે અને ઘરની માતા સાથે લડાઈ-ઝઘડા કરી દુઃખ આપે તેવા પુત્રથી મંદિરની મા રાજી તો નહિ થાય, પરંતુ નારાજ જરૂર થશે.

૧૨. બાળપણમાં જેણે તને ગોદ આપી છે તેને દગો ક્યારેય ન આપીશ.

૧૩. જો આપણે સુખી રહેવા ઇચ્છતા હોઈએ, બાળકોની ઉપેક્ષા-અવગણના ન સહન કરવી હોય તો નીચેની બાબતોનું ધ્યાન રાખો :

- વડીલો આપણા મહાન ઉપકારી છે. તેમની સેવા પોતે કરવી, જેથી બાળકોમાં સંસ્કાર પડે અને તેઓ સેવાનું મૂલ્ય સમજે.
- હંમેશાં ઉઠીને મા-બાપને વંદન કરીને જ દિવસની શરૂઆત કરવી. આથી બાળકોમાં પણ તેવા સંસ્કારનું સિંચન થાય, વિનય ગુણનું મહત્ત્વ તે સમજે.
- ગમે તેવા કાર્યરત રહેતા હો તો પણ માતા-પિતા અને બાળકો માટે રોજ થોડો સમય અલગ કાઢી તેમની સાથે વિતાવો, તેમની સુખ-સગવડોનું ધ્યાન રાખો.
- બાળકોને પણ દાદા-દાદીનું મહત્ત્વ સમજાય તે માટે તેમની સાથે રાખો, વિચારવિમર્શ કરવા દો. તેમનો પ્રેમ, લાગણી, સ્નેહ મેળવવા દો. સેવા, વિનય, આજ્ઞાપાલન શીખવાડો.
- બાળપણથી બાળકને જેમ વાળશો તેમ વળશે. પાશ્ચાત્ય સંસ્કૃતિના ઝેરીલા વાયરાથી તેને દૂર રાખી, આર્ય સંસ્કૃતિના સંસ્કારોથી તેનું સિંચન કરો.
- નાનપણથી જ બાળકનો ખોરાક, વેશ-ભૂષા, શોખ વગેરે એવા આપો કે તેનામાં આખું જીવન સાદાઈ અને સાત્ત્વિકતા રહે અને તે કોઈને ક્યારેય દુઃખ આપીને, કોઈનું ખરાબ કરીને રાજી ન થાય. ■ ■ ■

## શ્રી ભક્તામર સ્તોત્ર

(પાના નં. ૨૫ પરથી ચાલુ...)

નામના કે ભગવાનને રાજી કરવા માટે નથી કરી પણ ગુણપ્રમોદ વડે પોતાની ભાવશુદ્ધિ માટે કરી છે અને તે વિશુદ્ધિથી સંવર-નિર્જરા થાય છે. એટલે ખરેખર તો સ્તુતિ રૂપે ભેદજ્ઞાનની ભાવનાથી ભવનો નિસ્તાર (સંક્ષેપ) થાય છે.

દિગ્ગજ આચાર્ય શ્રી કુંદકુંદસ્વામીએ આ જ વાત પ્રવચનસારમાં કહી છે :

**જે જાણતો અર્હંતને, ગુણ-દ્રવ્યને પર્યયપણે,**
**તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે.(૮૦)**

પંચાસ્તિકાયમાં પણ તેઓશ્રી એ જ કહે છેઃ

**તે કારણે મોક્ષેચ્છુ જીવ, અસંગને નિર્મમ બની,**
**સિદ્ધો તણી ભક્તિ કરે, ઉપલબ્ધિ જેથી મોક્ષની. (૧૬૯)**

જેમ નાનું બાળક પણ પોતાના બે ટચુકડા હાથ પહોળા કરીને 'આવડો મોટો દરિયો' એમ દરિયાનું વર્ણન કરવાની ચેષ્ટા કરે છે (કલ્યાણમંદિર સ્તોત્ર-૫), તેમ હે દેવ ! મારા શ્રદ્ધા-જ્ઞાનરૂપી બે નાનકડા હાથને વિસ્તારીને હું આપના ગુણસમુદ્રની સ્તુતિ કરુ છું.

સર્વ જીવો ભગવાનના માર્ગે ચાલીને તેમના જેવા બને એ જ મંગલ ભાવના. શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# ન્યાયસંપન્ન વૈભવ

સંપત્તિના ત્રણ પ્રકાર છે :

**(૧) અંગારા જેવી સંપત્તિ :** જે ઘરને બાળે. ચાણક્ય કહે છે -

**अन्यायोपार्जितं वित्तं दशवर्षाणि तिष्ठति ।**
**प्राप्ते चैकादशे वर्षे समूलं तद् विनश्यति ॥**

અનીતિનું ધન બહુ બહુ તો દશ વર્ષ સુધી ટકે, પણ જ્યારે અગિયારમું વર્ષ આવે, ત્યારે એ ધન તો જાય, સાથે મૂડી પણ સાફ થઈ જાય.

એક શેઠે બે દોકડા (તે કાળનું ચલણ) માટે એક કસાઈને છેતર્યો, તો બીજા ભવમાં બકરો થઈને તેમણે તે જ કસાઈના હાથે કપાવું પડ્યું. વડોદરા પાસે એક છોકરાને ૧૦ લાખ રૂપિયાની લોટરી લાગી. એણે હોટેલ બનાવી. એક વાર એની જ હોટેલમાં કોઈએ એનું ખૂન કરી દીધું. એક વાત બરાબર સમજી લેવા જેવી છે કે **જે પૈસો નીતિપૂર્વક નથી મળ્યો, જે પૈસો ચોરીનો છે કે ફોગટનો છે, એ પૈસો નથી, પણ અંગારો છે. વહેલાં કે મોડાં એ તમને બાળી નાખશે, તમારું આખું ઘર બાળી નાખશે.**

**(૨) દીપક જેવી સંપત્તિ :** જે ઘરને અજવાળે. નીતિમાન અને સંતોષીની સંપત્તિ આવી હોય છે. વડોદરા પાસે વલ્લભવિદ્યાનગરનું નિર્માણ થઈ રહ્યું હતુ. એક કુંભારે ઈંટો આપેલી. વહીવટદારોએ તેના પેમેન્ટમાં ભૂલથી ૬૦,૦૦૦ને બદલે ૬૫,૦૦૦ની ચૂકવણી કરી. ત્યારે એ કુંભારે ફરિયાદ કરી, ‘‘તમે શ્રીમંતોએ શું ધાર્યું છે ? આવો હરામનો પૈસો અમારા ઘરમાં આવશે, તો અમારું ધનોતપનોત નીકળી જશે.’’

આ દેશમાં એક મૈત્રેયી નામની સ્ત્રી થઈ ગઈ. એનો પતિ બજારથી એના માટે એક ભારે સાડી લઈ આવ્યો, ત્યારે મૈત્રેયીએ એ સાડીનો સ્વીકાર કરતાં પહેલા એક પ્રશ્ન પૂછ્યો, ‘‘શું આનાથી મને મોક્ષ મળશે ? જે વસ્તુ મને મોક્ષ આપી શકે તેમ ન હોય, તેનું હું શું કરું ? ભર્તૃહરિ કહે છે - **ગરીબ તે નથી કે જેની પાસે થોડું જ છે, ગરીબ તો એ છે, જેને ઘણું બધું જોઈએ છે.** શેક્સપિયરે આ જ વાત કરી છે, “A Poor and content is rich and rich enough.” ‘‘જે માણસ ગરીબ હોવા સાથે સંતોષી છે, એ હકીકતમાં શ્રીમંત છે અને પૂરતો શ્રીમંત છે.’’

**(૩) રત્ન જેવી સંપત્તિ :** જે આખા ઘરને ન્યાલ કરી દે. નીતિમાન, સંતોષી અને દાનવીર વ્યક્તિની સંપત્તિ આવી હોય છે. ભગવાન મહાવીરના સમયમાં પૂનમચંદ નામના એક શેઠ હતાં. પોતાની સમસ્ત સમૃદ્ધિનું દાન કરીને એ સંતોષથી જીવવા લાગ્યાં. હવે તો એ રોજનું રોજ કમાય, એટલે લોકોએ નામ પાડ્યું પુણિયો શ્રાવક. એક દિવસ સામાયિક (ધર્મક્રિયા) કરતાં કરતાં તેણે પત્નીને કહ્યું, ‘‘આજે મારું મન બરાબર લાગતું નથી, શું આપણા ઘરમાં અણહક્કની કોઈ વસ્તુ આવી ગઈ છે ?’’ પત્નીએ વિચારીને કહ્યું, ‘‘આપણા છાણાં અને પડોસીના છાણાં એક સાથે સૂકવવા રાખ્યા હતાં. કદાચ તેમનું એકાદ છાણું ભૂલથી આપણા ઘરે આવી ગયું હોય.’’

પુણિયા શ્રાવકે કહ્યું, ‘‘જા, જલ્દીથી એનું છાણું પાછું આપી આવ, ત્યાં સુધી મને શાંતિ નહીં મળે.’’

આજે સ્ટ્રેસ, ટેન્શન, ડિપ્રેશન ને જાત-જાતની આધિ-વ્યાધિ-ઉપાધિઓનો જે રાફડો ફાટ્યો છે, તેનું રહસ્ય આ નાનકડી ઘટનામાં મળી શકે છે. માણસ ભ્રમમાં ભલે કહે કે ‘ભલે હરામનો, પૈસો તો ઘરમાં આવ્યો’, પરંતુ હકીકતમાં એ પૈસો નથી હોતો, અજગર હોય છે કે જે માણસના સુખ-ચેન-શાંતિને ગળી જાય છે. બુદ્ધિમત્તા એમાં જ છે કે માણસ અંગારાથી દૂર રહે તથા દીપક અને રત્નનો આનંદ માણે, ને યાદ રાખે કે આ આનંદ પણ પૈસાનો નથી, પણ પ્રામાણિકતા, સંતોષ, ઉદારતા વગેરે સદ્‌ગુણોનો છે. વિશ્વની ખરી સંપત્તિ કોઈ હોય તો એ સદ્‌ગુણો જ છે. ■ ■ ■

# પુસ્તક સમાલોચના

**મિતેશભાઈ એ. શાહ**

**(નોંધ : આ વિભાગ માટે પુસ્તક કે ગ્રંથની બે નકલ મોકલવા વિનંતી છે.)**

(૧) પુસ્તકનું નામ : **विनय बोधि कण ( भाग – ५, ६, ७, २३ )**

**લેખક :** પૂજ્ય શ્રી ચંપાલાલજી મહારાજના શિષ્ય પંડિતરત્ન શ્રી વિનયમુનિજી મ.સા.

**મૂલ્ય :** સદુપયોગ ● **આવૃત્તિ :** પ્રથમ, જાન્યુ.-૨૦૧૪ ● **પાના :** ૩૦૮

**પ્રકાશક :** શ્રી શ્વેતામ્બર સ્થાનકવાસી જૈન સંઘ, જૈન સ્થાનક ભવન, શાંતિગુરુ ગાર્ડનની પાસે, લોઅર બજાર, ઉટી (ત.ના.), ઉદગમંડલમ્ - ૬૪૩૦૦૧

**પ્રાપ્તિસ્થાનો :** ૧. શ્રી ઉત્તમચંદજી ચોરડિયા, બેંગ્લોર. ફોન : ૦૮૦-૨૫૫૧૦૦૪૦

૨. શ્રી નિર્મલકુમારજી નાહર, ચેન્નાઈ. મો.: ૦-૯૮૪૦૮૧૦૫૧૭

૩. મહાવીર સાડી સેન્ટર, ઇન્દોર. ફોન : ૦૭૩૧-૨૪૫૧૫૧૫

આકર્ષક મુખપૃષ્ઠ, સારા કાગળનો ઉપયોગ, નયનરમ્ય ચિત્રો દ્વારા સમજૂતી આપવામાં આવેલ છે. આ પુસ્તકમાં પૂજ્ય મુનિશ્રીના ચાતુર્માસ નિમિત્તે યોજાયેલ પ્રવચનોનું સંકલન કરવામાં આવેલ છે. જૈન ધર્મના વિવિધ વિષયો પર પ્રકાશ પાડેલ છે. પ્રશ્નોત્તરી પદ્ધતિ ધ્યાનાકર્ષક છે.

(૨) પુસ્તકનું નામ : **જૈન ધર્મના ચોવીશ તીર્થંકરો**

**લેખન - સંપાદન :** શ્રી ગુણવંત બરવાળિયા

**મૂલ્ય :** રૂા. ૧૨૫/- ● **આવૃત્તિ :** પ્રથમ, સપ્ટે. ૨૦૧૪ ● **પાના :** ૧૨૧

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :** (૧) શ્રી અશોક પ્રકાશન મંદિર, રતનપોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ.

ફોનઃ ૦૭૯-૨૨૧૪૦૭૭૦, E-mail : hareshshah42@yahoo.co.in

(૨) નવભારત સાહિત્ય મંદિર, મુંબઈ તથા અમદાવાદ.

આકર્ષક મુખપૃષ્ઠ તથા સારા કાગળ વાપરેલ છે. આ પુસ્તકમાં ૨૪ તીર્થંકરોનો સંક્ષિપ્ત પરિચય (જીવનચરિત્ર) આપેલ છે. ઉપરાંત લોગસ્સ સૂત્ર, વિહરમાન તીર્થંકરો, અરિહંત પરમાત્માના ગુણો તથા અતિશય, ચોવીશ તીર્થંકરોનું સંક્ષિપ્ત વિવરણ વગેરે વિશે માહિતી આપવામાં આવેલ છે.


(૩) પુસ્તકનું નામ : **જૈન ધર્મ**

**લેખન-સંપાદન :** શ્રી ગુણવંત બરવાળિયા

**આવૃત્તિ :** ચોથી, નવે. ૨૦૧૪ ● **પાના :** ૬૬ ● **મૂલ્ય :** રૂ. ૫૦

**પ્રકાશન તથા પ્રાપ્તિસ્થાન :** ('જૈન ધર્મના ચોવીશ તીર્થંકરો' પુસ્તકમાં આપેલ મુજબ)

આકર્ષક મુખપૃષ્ઠ તથા સારા કાગળનો ઉપયોગ કરેલ છે. જૈનધર્મનો સંક્ષિપ્ત પરિચય મેળવવા માટે આ પુસ્તક વાંચવા જેવું છે. આ પુસ્તકમાં જૈન ધર્મની પ્રાચીનતા, આગમો, જૈન ધર્મના સિદ્ધાંતો, વિવિધ સંપ્રદાયો, સાધુધર્મ, શ્રાવકાચાર, જૈનધર્મના પર્વો, તપસ્યા, ગુણસ્થાનક, સંથારો, નવ તત્ત્વ, છ દ્રવ્ય, અનુપ્રેક્ષા, લેશ્યા, સમક્તિ, સંજ્ઞા વગેરે વિશે સંક્ષિપ્તમાં માહિતી આપવામાં આવેલ છે.



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



## THE PRAYING HANDS

Back in the fifteenth century, in a tiny village near Nuremberg, lived a family with eighteen children. Eighteen! In order merely to keep food on the table for this mob, the father and head of the household, a goldsmith by profession, worked almost eighteen hours a day at his trade and any other paying chore he could find in the neighborhood. Despite their seemingly hopeless condition, two of his elder children had a dream. They both wanted to pursue their talent for art, but they knew full well that their father would never be financially able to send either of them to Nuremberg to study at the Academy.

After many long discussions at night in their crowded bed, the two boys finally worked out a pact. They would toss a coin. The loser would go down into the nearby mines and, with his earnings, support his brother while he attended the academy. Then, when that brother who won the toss completed his studies, in four years, he would support the other brother at the academy, either with sales of his artwork or, if necessary, also by laboring in the mines.

They tossed a coin on a Sunday morning after church. Albrecht won the toss and went off to Nuremberg. Fedrick went down into the dangerous mines and, for the next four years, financed his brother, whose work at the academy was almost an immediate sensation. Albrecht's etchings, his woodcuts, and his oils were far better than those of most of his professors, and by the time he graduated, he was beginning to earn considerable fees for his commissioned works.

When the young artist returned to his village, the Durer family held a festive dinner on their lawn to celebrate Albrecht's triumphant homecoming. After a long and memorable meal, punctuated with music and laughter, Albrecht rose from his honored position at the head of the table to drink a toast to his beloved brother for the years of sacrifice that had enabled Albrecht to fulfill his ambition. His closing words were, "And now, Fedrick, blessed brother of mine, now it is your turn. Now you can go to Nuremberg to pursue your dream, and I will take care of you."

All heads turned in eager expectation to the far end of the table where Fedrick sat, tears streaming down his pale face, shaking his lowered head from side to side while he sobbed and repeated, over and over, "No ...no ...no ...no."

Finally, Fedrick rose and wiped the tears from his cheeks. He glanced down the long table at the faces he loved, and then, holding his hands close to his right cheek, he said softly, "No, brother. I cannot go to Nuremberg. It is too late for me. Look ... look what four years in the mines have done to my hands! The bones in every finger have been smashed at least once, and lately I have been suffering from arthritis so badly in my right hand that I cannot even hold a glass to return your toast, much less make delicate lines on parchment or canvas with a pen or a brush. No, brother ... for me it is too late."

More than 450 years have passed. By now, Albrecht Durer's hundreds of masterful portraits, pen and silver-point sketches, watercolors, charcoals, woodcuts, and copper engravings hang in every great museum in the world, but the odds are great that you, like most people, are familiar with only one of Albrecht Durer's works. More than merely being familiar with it, you very well may have a reproduction hanging in your home or office.

One day, to pay homage to Fedrick for all that he had sacrificed, Albrecht Durer painstakingly drew his brother's abused hands with palms together and thin fingers stretched skyward. He called his powerful drawing simply "Hands," but the entire world almost immediately opened their hearts to his great masterpiece and renamed his tribute of love "The Praying Hands."

**Moral:** The next time you see a copy of that touching creation, take a second look. Let it be our reminder, if you still need one, that no one – no one – ever makes it alone!

# જયપુર તીર્થયાત્રા

**મહેન્દ્રભાઈ કે. ખંધાર**

**(૧) મંગલ પ્રસ્થાન :**

કોબા આશ્રમના ઉપક્રમે કેટલાક સમયથી જાત્રા થયેલ ન હતી અને મુમુક્ષુઓની ભાવના હતી કે મધ્યમ જાત્રાનું આયોજન કરવું. જાત્રા સમિતિએ વિચાર-વિમર્શ પછી, ડિસે. શિબિર (ડિસે.૧-૩)ના અનુસંધાનમાં ડિસે. ૩-૮ દરમ્યાન જયપુરની જાત્રા ગોઠવી. કોબા આશ્રમના સ્થાયી સાધકો ઉપરાંત અમદાવાદ, ભાવનગર, વડોદરા, નડિયાદ, મુંબઈ, લંડન અને ન્યૂયોર્કથી બધા મળીને ૩૦ મુમુક્ષુઓ જાત્રામાં જોડાયા. શારીરિક પ્રતિકૂળતાને લીધે પૂ. શ્રી. આત્માનંદજી જાત્રામાં સામેલ ન હતા. પાર્શ્વનાથ ભગવાન, પરમકૃપાળુ દેવ, પૂ. શ્રી આત્માનંદજી અને પૂ. બહેન શ્રી શર્મિષ્ટાબેનના આશીર્વાદ લઈને બુધવારે (ડિસે. ૩) સાંજે ટ્રેઈનમાં પ્રસ્થાન કર્યું. પૂ. સાહેબજી અને પૂ. બહેનશ્રીએ તિલકથી યાત્રાસંઘનું પૂજન કરેલ.

**(૨) ગુરુવાર, ડિસેમ્બર ૪ :**

વહેલી સવારે જયપુર ઉતરીને પદમપુરા તીર્થ (દિગમ્બર અતિશય ક્ષેત્ર) પહોંચ્યા. પદમપુરા બૃહદ્ જયપુરનું નાનું ગામ છે. તેનું મૂળ નામ બાડા હતુ. તે જયપુર શહેરથી ૩૦ કિમી. દૂર છે. વિ. સંવત ૨૦૦૧માં મૂલા જાટ નામના ખેડૂતને ખેતર ખેડતા જમીનમાંથી પદ્મપ્રભુની (પદ્માસન, ૨ ફૂટની) મૂર્તિ મળી. આજુબાજુના જૈન-જૈનેતર લોકોમાં મૂર્તિ વિશે ખૂબ ભક્તિભાવ જાગતા એક નાનું મંદિર બનાવીને મૂર્તિની ત્યાં સ્થાપના કરી. જ્યાંથી મૂર્તિ મળી ત્યાં આરસના પાદચિહ્ન છે અને તેને 'ચરણછત્રી' કહે છે. નાના મંદિરમાં ૧૮ વર્ષ રહ્યા પછી બાજુમાં વિશાળ જગ્યા પર ભવ્ય મંદિર અને સંકુલ બન્યા. આખુ મંદિર ઘણી ઊંચાઈએ છે અને મૂળ નાયક પદ્મપ્રભુની મનોહર સૌમ્ય મૂર્તિ કમળની વેદી પર છે. આ ઉપરાંત વિશાળ સુંદર રંગમંડપમાં ૧૦ નાની ગોળાકાર દેરીઓ છે કે જેમાં (પદ્માસનમાં ૩'-૫') નેમિનાથ, આદિનાથ, પદ્મપ્રભુ, બાહુબલિજી (ખડગાસન ૮'), ભરતેશ્વર (ખડગાસન ૮'), શાંતિનાથ, મહાવીરસ્વામી અને પાર્શ્વનાથ અનુક્રમે છે. મંદિરજીની બહાર ચોકમાં પણ તેની જ ઉંચાઈએ ચાર દિશામાં ચાર મોટી દેરીઓ છે તેમાં (પદ્માસન ૪') પંચધાતુના આદિનાથ, શાંતિનાથ, મહાવીરસ્વામી અને પદ્મપ્રભુ છે. મંદિરજીના પાછળના ભાગમાં, ખુલ્લી જમીન પર ૨૭' ઊંચી પદ્મપ્રભુની ભવ્ય મૂર્તિ ખડગાસનમાં છે. મંદિરના ચોકમાં ૬૦' ઉંચો માનસ્થંભ છે. યાત્રાળુઓ માટે ઉત્તમ સુવિધાઓ છે (કાર્યાલય : ૦૧૪૨૯-૨૭૭૨૨૫, ૨૭૭૨૧૦). ભૂગર્ભમાંથી મળેલ પદ્મપ્રભુની પ્રતિમા સાતિશય અને ચમત્કારિક હોવાથી તેના દર્શન-પૂજા માટે દેશ-વિદેશથી દર વર્ષે લાખો યાત્રાળુઓ આવે છે. આ તીર્થનું ૫૫' ઊંચુ પ્રવેશદ્વાર ભવ્ય અને સુશોભિત છે.

કોબા જાત્રા સંઘે અલ્પાહાર પછી પદમપુરા મંદિરજીના દર્શન, અભિષેક, અર્ઘ્ય વગેરે આરાધના કરી. લંચ પછી સંઘ સાંગાનેર તીર્થ જવા ટોંક રોડ (નેશનલ હાઈવે) દ્વારા નીકળ્યો. ૫ કિ.મી. પછી આવેલ બીલવા ગામે બે ભવ્ય મંદિરો જોયા. કૃષ્ણ-મંદિર અને બીજું વિમલ નીલય કે જેમાં શાંતિનાથ ભગવાનની દુનિયાની સૌથી મોટી ભવ્ય પદ્માસન સ્થિત (૨૫') મનોહર મૂર્તિ છે. આ મંદિરજીમાં શાંતિનાથ ઉપરાંત પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીની મોટી પ્રતિમાઓ છે. ત્યાં પૂ. શ્રી ૧૦૮ સુધર્મસાગર દિગંબર મુનિ મહારાજના દર્શનનો લાભ મળ્યો. બીલવાથી ૫ કિ.મી.ના અંતરે આવેલ નવગ્રહવાટિકામાં સુંદર બે માળનું નવગ્રહ મંદિર છે

તેમાં મૂળનાયક મુનિસુવ્રતનાથ (શનિ ગ્રહ માટે) ઉપરાંત ચંદ્રપ્રભુ (ચંદ્ર), પદ્મપ્રભુ (સૂર્ય), વાસુપૂજ્ય (મંગળ), શાંતિનાથ (બુધ), આદિનાથ (ગુરુ), પુષ્પદંત/સુવિધિનાથ (શુક્ર), નેમિનાથ (રાહુ) અને પાર્શ્વનાથ (કેતુ) ભગવાનની મનોહર મૂર્તિઓ છે. ત્યાં દર્શન વંદના કરીને સાંગાનેર (૧૩ કિ.મી.) સાંજે ચોવિહાર પહેલા પહોંચી ગયા.

સાંગાનેરનું મૂળનામ સંગ્રામપુર હતુ અને તે જયપુર શહેરથી ૧૩ કિ.મી. દક્ષિણમાં આવેલું છે. સાંગાનેરના ઘણા મંદિરોમાં સંઘીજીનું (દિગંબર અતિશય ક્ષેત્ર) મંદિર પ્રસિદ્ધ અને ચમત્કારિક છે (કાર્યાલય : ૦૧૪૧-૨૭૩૦૩૯૦, ૨૭૩૧૯૫૨). આ મંદિર ૧૦મી સદીનું છે અને રાજસ્થાનના પ્રસિદ્ધ લાલ પથ્થરોમાં સુંદર કલા કોતરણીવાળું ભવ્ય છે. આ બધું જોતાં દેલવાડાના દહેરા અને ખજૂરાહોના જૈન મંદિરો યાદ આવે. મૂળ નાયક આદિનાથ ભગવાનની પ્રતિમા ચોથા આરાની ચમત્કારિક છે. તે મૂર્તિને જોતા સાક્ષાત્ જિનેન્દ્ર ભગવાન સામે હોય તેવા ભાવ આવે છે અને મૂર્તિ સમયે સમયે સૂક્ષ્મ રૂપપરિવર્તન કરતી હોય એવું લાગે છે. ભૂગર્ભમાંથી મળેલ આ મૂર્તિનું મુસ્લિમ-મોગલ આક્રમકો સામે શાસનદેવે રક્ષણ કરેલ. મંદિરને ભવ્ય પ્રવેશદ્વાર છે અને ત્યાં જ બહારની ભીંત પર લાલ પથ્થરોમાં શ્રીભક્તામર સ્તોત્રની ૪૮ ગાથાઓ મંત્રો સાથે કંડારેલ છે. નીચે બે ચોક છે તેમાં પહેલા ચોકમાં મૂળનાયક આદિનાથ છે અને બીજા ચોકમાં મહાવીર સ્વામી અને ત્રણ પાર્શ્વનાથની ૧૧ ફણાવાળી અદ્‌ભુત પ્રતિમાઓ છે. આ સિવાય પ્રાંગણમાં મહાવીર સ્વામી, શાંતિનાથ વગેરેની મૂર્તિઓ છે. ડાબી અને જમણી બાજુ બે ભોંયરા છે, જેમાં વાસુપૂજ્ય ભગવાન અને સુપાર્શ્વનાથ અનુક્રમે મુખ્ય છે. ઉપરના માળે ચોવીસી અને ચૌમુખી (બે આદિનાથ, બે શાંતિનાથ) છે. જમીનના ઉપરના બે માળ સિવાય, બીજા ૭ માળ ભૂગર્ભમાં છે તે આ તીર્થ અને મંદિરની વિશેષતા છે. ત્યાં યક્ષરક્ષિત જિનેશ્વરોની રત્નજડિત પ્રતિમાઓ છે અને બાલયતિ તપસ્વી મુનિરાજ સિવાય ત્યાં કોઈથી જઈ શકાતું નથી. પૂ. આચાર્ય ભગવંતો શાંતિસાગરજી (ઈ.સ. ૧૯૩૩માં), દેશભૂષણજી (૧૯૭૧), વિમલસાગરજી (૧૯૮૬), કુંથુસાગરજી (૧૯૯૨) અને પૂ. મુનિપુંગવ સુધાસાગરજી (૧૯૯૪, ૧૯૯૯) નીચે ભૂગર્ભમાં જઈ શકેલ અને દર્શનાર્થે પ્રતિમાજીઓ બહાર લાવેલ. આ મંદિરજીમાં કોબા જાત્રા સંઘે દર્શન, વંદના, દેવવંદન અને ભક્તિ કરી. અહીં સાંગાનેરમાં શ્રી દિગંબર જૈન શ્રમણ સંસ્કૃતિ સંસ્થાન (૦૧૪૧-૨૭૩૦૫૫૨, ઈ-મેઈલ: sssdigamber@ gmail.com) આવેલ છે કે જ્યાં આદ.પં.શ્રી રતનલાલ બેનાડાજી (આગ્રાવાળા) રહે છે અને રોજ પારસ ચેનલ પર સવારે (૫.૧૦ વાગ્યે) અને સાંજે (૫.૨૦ વાગ્યે) તેમનો 'પાઠશાળા' અંતર્ગત સુંદર ધાર્મિક ક્લાસ હોય છે.

**(૩) શુક્રવાર, ડિસેમ્બર ૫ :**

વહેલી સવારે પદમપુરા મંદિરજીમાં દર્શન, અભિષેક, શાંતિધારા, વિ. લાભ લીધા પછી, અલ્પાહાર લઈને સંઘ સવારે ૯ વાગે ચુલગિરિ (૨૮ કિ.મી.) જવા નીકળ્યો. ત્યાં તળેટીમાં ખાનીયાજી મંદિરમાં દર્શન-સ્તુતિ કર્યા. રાજાએ બંધાવેલ આ મંદિરમાં સુવર્ણ અને સ્ફટિક-રત્નો-પરવાળા સીલીંગમાં વાપરેલ છે. બહુ સુંદર કલાકારીગરીવાળું મંદિર છે. મૂળનાયક વાસુપૂજ્ય સ્વામી ઉપરાંત ચૌમુખી ચોવીસી, નંદીશ્વર દ્વીપ, તીર્થંકરના કલ્યાણકો, ભગવાનના ચરિત્ર - પ્રસંગો વગેરે ભાવવાહી છે.

ચુલગિરિ તીર્થ ૬૦ વર્ષ પહેલા પૂ. આચાર્ય શ્રી દેશભૂષણજીએ વિકસાવેલ. લગભગ ૭૦૦ ફૂટ ઉંચી આ ટેકરી પર વિશાળ જગ્યામાં સુંદર સુવિધાયુક્ત સંકુલ છે (કાર્યાલય : ૦૧૪૧-૨૧૭૦૭૭૩, ૫૧૭૧૧૦૦). મૂળનાયક પાર્શ્વનાથ ભગવાનની ૭' ખડગાસનની પ્રતિમા ઉપરાંત તેની બન્ને બાજુએ મહાવીરસ્વામી અને નેમિનાથ ભગવાનની દેરીઓ છે. આ મુખ્ય ચોકની પાછળ, ૨૧' ઊંચી ખડગાસનમાં

મહાવીરસ્વામીની નયનરમ્ય મૂર્તિ છે. અહીં ત્રણ ચોવીસી છે . મુખ્ય ચોકમાં પદ્માસનમાં, ચોક ફરતી પરસાળમાં પાદચરણની અને ગુફામંદિરમાં ખડગાસનમાં (૨'). અહીં પૂ. આ. દેશભૂષણજીનો ધ્યાન-વાચનાલય ખંડ છે. ગુફામંદિરમાં મૂળનાયક આદિનાથ પાસે જાત્રા સંઘે પૂજા-ભક્તિ કર્યા.

ચુલગિરિથી ૨ વાગ્યે નીકળીને, રામનિવાસ મ્યુઝિયમ અને જોહરીબાઝાર થઈને, ૩ વાગ્યે ઠોલીયા ગુરુભવન પહોંચ્યા. ત્યાં પૂ. આચાર્ય ૧૦૮ શ્રી ગુપ્તિનંદીજી સસંઘ બિરાજતા હતા અને ચૌદસના પ્રતિક્રમણની આરાધનામાં હતા. અનુષ્ઠાન પૂરું થયા પછી, કોબા જાત્રા સંઘના આદ. બા.બ્ર. અલકાબેન જૈને બધા જાત્રાળુઓનો અને પૂ. આચાર્યશ્રી તથા પૂ. મુનિ સુયશજી, પૂ. મુનિ ચંદ્રગુપ્તજી (અલકાબેનના સંસારીભાઈ) તથા ૪ આર્યિકાજી અને ક્ષુલ્લિકાજી (પૂ.આચાર્યશ્રીના સંસારી માતા)નો પરિચય આપ્યો. આચાર્યશ્રીએ પૂ. સાહેબજી અને કોબા આશ્રમ તથા સર્વ મુમુક્ષુઓ પ્રતિ ખૂબ અહોભાવ-વાત્સલ્ય વ્યક્ત કરીને આશીર્વાદ આપ્યા. સ્વાધ્યાયમાં આગમના આધારે કષાયોને ઘટાડવાં/મટાડવાં અનુરોધ કર્યો. તેમણે શ્રીમદ્ રાજચંદ્ર, મહાત્મા ગાંધીજી અને શ્રી આત્મસિદ્ધિનો ઉલ્લેખ કરેલ. આચાર્યશ્રીએ દરેક જાત્રાળુઓને આશીર્વાદ અને સંભારણું આપ્યાં. રાત્રિરોકાણ ઠોલીયા ધર્મશાળામાં હતું.

**(૪) શનિવાર, ડિસેમ્બર ૬ :**

વહેલી સવારે ૫ વાગ્યે પૂ. આચાર્ય અને તેમના મુનિ સંઘ સાથે પ્રક્ષાલ-અભિષેકનો લાભ લીધો. આચાર્ય ભગવંતની પ્રેરણા/આશીર્વાદ સાથે ત્યાંના શ્રાવક સંઘ તરફથી આપણા કોબા આશ્રમને ચાંદીના ઉપકરણો (થાળી + ૪ કળશ) પ્રક્ષાલ-અભિષેક માટે મળ્યા. સવારે ૮ થી ૧૦ આચાર્યશ્રીની ગદ્ય-પદ્ય-સંગીતમય મહાવીરકથાનો ઠોલીયા દિગંબર મંદિરમાં લાભ મળ્યો. લોકપ્રિય પૂ. મુનિશ્રી ચંદ્રગુપ્ત શીઘ્ર કવિ (આશુતોષ) હોવાથી કથામાં આચાર્યશ્રીને મધુર રાગથી સાથ આપતા. તેઓ શાંત સ્વભાવી, નમ્ર અને સરળ છે. આપણા સંઘે પૂ. આચાર્યના સંઘ અને સ્થાનિક શ્રાવક સંઘનો આભાર (રહેવા-જમવાનું નિઃશુલ્ક હતું) માનીને આહારદાન માટે યોગદાન આપીને ૧૧ વાગ્યે નીકળીને મોતી ડુંગરીમાં શ્વેતાંબર દાદાવાડી (કાર્યાલય : ૦૧૪૧-૨૬૧૩૯૦૫) ગયા. શહેરની મધ્યમાં આવેલ આ એક મોટું સુંદર સુંકુલ છે કે જ્યાં દેરાસર, ગુરુમંદિર અને નંદીશ્વર દ્વીપ ઉપરાંત ધર્મશાળા, ભોજનશાળાની સુવિધા છે. ત્યાં દર્શન-પૂજા-ભક્તિ કર્યા પછી બાકીનો અર્ધો દિવસ જોવાલાયક સ્થળોમાં ગાળ્યો. જંતરમંતર, હવામહેલ, સીટી પેલેસ, આમેર કિલ્લો વગેરે. જૂના જયપુર રાજ્યની રાજધાની આમેર હતી અને રાજા માનસિંહે (અકબરના સમયમાં) આમેર વિકસાવેલ. ઇતિહાસ-પ્રસિદ્ધ જોધાબાઈનું ઘર પણ ત્યાં છે. આમેરના કિલ્લા ફરતી ટેકરીઓ પર ૧૨ કિ.મી. લાંબી મજબૂત દીવાલ (ચીનની દીવાલ માફક) સંરક્ષણાર્થે બાંધેલ. આમેરના કિલ્લામાં ઉપરનો રાજમહેલ જોતા અનિત્ય ભાવના અને સંસાર ભાવના દૃઢ થયા. રજકણ કે રિદ્ધિ (અપૂર્વ અવસર) પણ સ્મરણ પટે આવેલ. તળેટીમાં નેમિનાથ ભગવાનનું મંદિર અને મીરાંબાઈના કૃષ્ણમંદિરમાં દર્શન કર્યા.

**(૫) રવિવાર, ડિસેમ્બર ૭ :**

વહેલી સવારે ફરીથી પદ્મપ્રભુના અભિષેકનો ચઢાવો લીધો. બપોરે મુંબઈ ગ્રુપ (૭) રવાના થયું. બાકીના જાત્રા સંઘે (૨૩) પદમપુરા મંદિરજીમાં દર્શન-પૂજા કર્યા પછી આદ. બા.બ્ર. સુરેશજીએ 'સમયસાર' ગાથા - ૨ના આધારે સ્વસમય-પરસમય વિશે સ્વાધ્યાય કરાવ્યો. ત્યારપછી સંઘે પદમપુરાથી વિદાય લીધી. બીરલામંદિર દર્શન કર્યા. આ સંગેમરમરના મંદિરમાં રામાયણ, મહાભારત અને ભારતીય આર્યસંસ્કૃતિ વિશે સુંદર પ્રતિમાઓ, ભીંત-ચિત્રો, આલેખનો વગેરે ભાવવાહી છે. ત્યાંથી ૫.૦૦ વાગ્યે ટોડલમલ સ્મારક પહોંચ્યા (કાર્યાલય : ૦૧૪૧-૨૭૦૫૫૮૧, પીયૂષભાઈ :

**(અનુસંધાન પાના નં. ૪૨ પર...)**

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થા આયોજિત ફેબ્રુઆરી માસની શિબિરમાં પધારવા નિમંત્રણ

સંસ્થા દ્વારા આગામી ફેબ્રુઆરી માસમાં તા. ૧૧-૨-૨૦૧૫ થી તા. ૧૪-૨-૨૦૧૫ દરમિયાન આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે; જેમાં આદ. પંડિતજી શ્રી ધીરજલાલ ડી. મહેતા (સૂરત) શ્રી તત્ત્વાર્થ સૂત્ર - અધ્યાય ૮ના આધારે સ્વાધ્યાયનો લાભ આપશે. આ ઉપરાંત આદ.બા.બ્ર. શ્રી સુરેશજી આચાર્યશ્રી શાંતિસાગરજી મહારાજનું જીવનચરિત્ર રજૂ કરશે. તા. ૧૩-૨-૨૦૧૫ના દિવસે નૂતન સંતકુટિરના મંગળપ્રવેશ નિમિત્તે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન 'શાંતિવિધાન'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પૂજ્યશ્રીના સ્વાધ્યાય, ભક્તિસંગીત આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો શિબિર દરમિયાન યોજાશે. આત્મકલ્યાણાર્થે શિબિરનો લાભ લેવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી; જેથી અમો આપની સુવિધાઓ સાચવી શકીએ.

## ફેબ્રુઆરી માસમાં સંસ્થા દ્વારા મલ્ટિમેડિકલ કેમ્પનું આયોજન

જનતા જનાર્દનને નિઃશુલ્ક મેડિકલ સારવાર મળી રહે તે હેતુથી સંસ્થા દ્વારા તા. ૧૫-૨-૨૦૧૫, રવિવારના દિવસે સવારે ૯-૦૦ થી બપોરના ૨-૦૦ દરમિયાન મલ્ટિમેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પનો લાભ લેવા સૌને અનુરોધ છે. કેમ્પ માટે સ્વયંસેવકોની આવશ્યકતા છે.

સંપર્કસૂત્રો : (૧) ડૉ. રાજેશભાઈ સોનેજી : ૦૯૮૨૪૦૪૭૬૨૧, (૨) શ્રી જયંતિભાઈ જોબાલિયા (પૂનાવાળા) : ૦-૯૪૨૯૭૭૫૫૫૪

## 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્યોને નમ્ર નિવેદન

સપ્ટેમ્બર-૨૦૧૪ના અંકમાં આપેલ અમારા નિવેદનને માન આપી ઘણા 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્યોએ સ્વેચ્છાએ તફાવતની રકમ રૂા. ૧૨૫૦/- મોકલાવેલ છે. સંસ્થા પ્રત્યેની આપની લાગણી બદલ સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે. હજુ બાકી રહેતા 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્યોને સ્વેચ્છાએ તફાવતની રકમ મોકલી આપવા વિનંતી છે. આ એક નમ્ર નિવેદન છે. આ બાબતે કોઈ પણ જાતનો આગ્રહ નથી, પણ આ સહાયથી આપ એક ઉમદા કાર્ય કરવામાં સહકારી બનશો એવી ભાવના છે.

## સંસ્થા દ્વારા 'સમ્યક્જ્ઞાન' વિષય અંતર્ગત લેખિત કસોટીનું આયોજન

મુમુક્ષુ ભાઈ-બહેનોએ પ્રાપ્ત કરેલ શાસ્ત્રજ્ઞાન દૃઢ થાય, હૃદયસ્થ થાય અને ક્રમે કરીને તે પ્રાપ્ત કરેલ જ્ઞાનનો જીવનમાં પ્રયોગ થાય તે હેતુથી સંસ્થા દ્વારા તા. ૧૦-૦૨-૨૦૧૫ના દિવસે બપોરના ૩-૦૦ વાગ્યે 'સમ્યક્જ્ઞાન' વિષય અંતર્ગત લેખિત કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. આ અગાઉ 'સમ્યગ્દર્શન' વિષય પર લેખિત કસોટી યોજાઈ હતી. 'સમ્યક્જ્ઞાન' વિષય અંતર્ગત જ્ઞાનના લક્ષણો, જ્ઞાનની અવસ્થાઓ; જ્ઞાનના પ્રકારો, સમ્યક્ જ્ઞાનના આઠ અંગો, નય, પ્રમાણ, નિક્ષેપ, સ્યાદ્વાદ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. પરીક્ષાનો અભ્યાસક્રમ સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે અથવા આદ. બા. બ્ર.

સુરેશજી પાસેથી પ્રાપ્ત થઈ શકશે. પ્રશ્નપત્ર નિયત તારીખે સંસ્થાની વેબસાઈટ પર મૂકવામાં આવશે. સંસ્થામાં ન આવી શકનાર મુમુક્ષુ ભાઈ-બહેનો વેબસાઈટ પર મૂકેલા પ્રશ્નપત્રના આધારે પરીક્ષા આપી શકશે. આ અંગે વિશેષ માહિતી મેળવવા માટે આદ. બા.બ્ર.શ્રી સુરેશજીનો સંપર્ક કરવા વિનંતી છે.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનાર નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

● **ગુરુકુળ વિભાગ :** કાયમી શુભેચ્છક વાલી તરીકે નીચેના દાનવીર મહાનુભાવોએ દાનરાશિ નોંધાવેલ છે:

(૧) આદ.શ્રી સવિતાબેન શાંતિલાલ શાહ, લંડન, યુ.કે. રૂા. ૪,૦૦,૦૦૦/-
(૪ વિદ્યાર્થીઓના કાયમી શુભેચ્છક વાલી)

(૨) આદ.શ્રી મયૂરભાઈ દોશી, આદ.શ્રી ગીતાબેન શાહ તથા આદ.શ્રી સુનિત દોશી, નૈરોબી
(હસ્તે : આદ.શ્રી સરલાબેન ધીરજલાલ દોશી) રૂા. ૧,૦૦,૦૦૦/-

**સુધારો :** ગત અંકમાં આપેલ નામ નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતી.

● આદ.શ્રી જિજ્ઞાસુ મહેન્દ્રભાઈ શેઠ (ડેટ્રોઈટ, યુ.એસ.એ.) રૂા. ૨૯,૦૦૦/-

● **મેડિકલ સેન્ટર :**

(૧) આદ.શ્રી કંચનબેન દેવેન્દ્રભાઈ શાહ, અમદાવાદ રૂા. ૧૧,૦૦૦/-

(૨) આદ.શ્રી તરુલતાબેન (તરુબેન) ધરમદાસ ગાંધી, મુંબઈ
(સ્વ. ધરમદાસ ગાંધીના સ્મરણાર્થે) રૂા. ૧૦,૦૦૦/-

## શ્રી આત્મસિદ્ધિપારાયણ

**[૧]** આપણી સંસ્થાના કાર્યવાહક સમિતિના પ્રમુખ આદ.શ્રી અરુણભાઈ બગડિયાના ધર્મપત્ની સ્વ. શ્રી જયશ્રીબેન બગડિયાની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે તેઓશ્રીના પરિવારજનો તરફથી તા. ૧૪-૧૨-૧૪ના રોજ સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિપારાયણ રાખવામાં આવ્યું હતું.

પારાયણ બાદ આદ. બા.બ્ર.સુરેશજીએ 'શ્રી મોક્ષમાળા-શિક્ષાપાઠ-૫૨-વૈરાગ્ય'ના આધારે મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.

પૂજ્યશ્રી આત્માનંદજીએ શ્રી આ.સિ.ની ગાથા 'આત્મભ્રાંતિ સમરોગ નહિ...'ના આધારે સ્વાધ્યાય આપતા જણાવ્યું કે આપણને ભવરોગ થયો છે તેવું લાગતું નથી કારણ કે શરીર સાથે એકત્વપણું છે. મહાપુરુષોના સત્સમાગમની ભાવના રાખવી. માનવભવની એક ક્ષણ પણ અમૂલ્ય છે. માટે તેનો સદ્ઉપયોગ કરવો. પોતાના સાચા સ્વરૂપની ઓળખાણ કરવી. તેના માટે સદ્‌ગુરુ ઉત્તમ અને પ્રેરક નિમિત્ત છે. બધા શાસ્ત્રોનો સાર ધ્યાન છે. ધ્યાનનું ફળ સમાધિ છે. જીવન નિર્મળ બને તેવાં આચાર-વિચાર રાખવાં. આપણે પણ સ્વ. જયશ્રીબેન જેવી સમતા રાખીએ અને માનવભવને સફળ કરીએ.

પૂજ્ય બહેનશ્રીએ સ્વ. જયશ્રીબેનના સદ્‌ગુણોની અનુમોદના કરીને સ્મરણાંજલિ અર્પી હતી.

આ પ્રસંગે આદ. શ્રી મેહુલભાઈ અરુણભાઈ બગડિયા તથા આદ. શ્રી અમૃતલાલ મોહનલાલ

સોનેજી પરિવાર (સ્વ. શ્રી દિનેશભાઈ અમૃતભાઈ સોનેજીની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે) તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

**[૨]** સાધકવિશેષ તથા અનેક સદ્‌ગુણોથી જીવનને સૌરભમય બનાવનાર સ્વ. શ્રી વ્રજલાલ કીકાણી (પૂજ્ય વજુદાદા)ના આત્મશ્રેયાર્થે તા. ૨૧-૧૨-૧૪ના દિવસે સંસ્થામાં તેઓના પરિવારજનો તરફથી શ્રી આત્મસિદ્ધિપારાયણ યોજવામાં આવ્યું હતું.

પારાયણ બાદ આદ. પ્રા. ચંદાબહેન પંચાલી(બોટાદ), આદ. શ્રી નટુભાઈ સોમાણી તથા આદ. શ્રી પરિમલભાઈ ખંધારે પૂજ્ય વજુદાદાના જીવનના પ્રેરક પ્રસંગો અને તેઓશ્રીએ પ્રાપ્ત કરેલ સદ્‌ગુણોની અનુમોદના કરી સ્મરણાંજલિ અર્પી હતી.

પૂજ્યશ્રી આત્માનંદજીએ આદ. શ્રી વજુદાદાના દઢ નિર્ણયશક્તિ અને કાર્યનિષ્ઠાના સદ્‌ગુણોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે કીકાણી પરિવારના સભ્યો, સ્નેહીજનો વગેરે સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વ. શ્રી વજુદાદાના પરિવારજનો તરફથી દરેકને ૧૦/- રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી તેમજ સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## ધર્મ ન બીજો દયા સમાન !

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે, “ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન.” આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સંસ્થા દ્વારા સમાજોપયોગી પ્રવૃત્તિઓ પણ વખતોવખત થતી રહે છે. શિયાળામાં ઠંડીથી રક્ષણ મળે તે હેતુથી સંસ્થા દ્વારા ગાંધીનગર વિસ્તારના જરૂરતમંદ લોકોમાં ૨૫૦ જેટલા ધાબળાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં સહયોગ આપનાર મુમુક્ષુ ભાઈ-બહેનોને ધન્યવાદ પાઠવીએ છીએ.

## ડો. કુમારપાળ દેસાઈએ લખેલા ઝિંદાદિલ માનવી અને મૂલ્યનિષ્ઠ સર્જક જયભિખ્ખુના જીવનચરિત્રનો મુંબઈમાં યોજાયેલો વિમોચન સમારંભ

ઝિંદાદિલીભર્યું જીવન જીવનાર અને મૂલ્યનિષ્ઠ સાહિત્યકાર જયભિખ્ખુની જન્મશતાબ્દીના અનુષંગે મુંબઈના ભારતીય વિદ્યાભવન સભાગૃહમાં યોજાયેલાં ‘જયભિખ્ખુ શતાબ્દી ઉત્સવ’માં કુમારપાળ દેસાઈએ લખેલા પિતાના જીવનચરિત્ર ‘જીવતરની વાટે અક્ષરનો દીવો’ની સાથોસાથ જયભિખ્ખુની છ નવલકથાઓનું વિમોચન પણ જુદા જુદા મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. આ સમારોહનું આયોજન મુંબઈ જૈન યુવક સંઘ, શ્રી ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું હતું. સમગ્ર સમારંભના પ્રમુખસ્થાને ગુજરાત સરકારના પૂર્વ સચિવ શ્રી પ્રવીણભાઈ લહેરી ઉપસ્થિત રહ્યા હતા.

ખમીર, ખુમારી અને ખુદાઈથી ભરેલા પોતાના પિતા જયભિખ્ખુના જીવનને સાડા ચાર દાયકાના સમયગાળા બાદ તાટસ્થ્ય સાથે ‘જીવતરની વાટે અક્ષરનો દીવો’માં નિરૂપવાનો ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રયાસ કર્યો છે. એક સર્જકના સંતાન તરીકે એમના જીવનની મથામણોનો તાદૃશ અનુભવ આલેખ્યો છે. કોઈ વાડાબંધીને બદલે પોતાના વિચારો, વલણો અને ભાવનાઓથી જીવનમૂલ્યો જાળવીને ખુમારીપૂર્વક જીવનારા સર્જકની એકલવીર લેખક તરીકેની છબી આમાંથી ઉપસી આવે છે. સરસ્વતીના પ્રાપ્ત કૃપાપ્રસાદને જીવનની પરમ ધન્યતા માનનારા આ સર્જકના ૧૯૬૯ની ૨૪મી ડિસેમ્બરે થયેલા અવસાન પછી ૮૦

જેટલાં પુસ્તકો પ્રગટ થયાં છે. એમની નાટ્યરચનાઓની તખ્તા પર રજૂઆત થઈ છે અને એમની 'ઈંટ અને ઈમારત' કૉલમ આજે ૬૧ વર્ષે પણ ચાલુ રહી છે.

સમારંભના પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી પ્રવીણભાઈ લહેરીએ જણાવ્યું હતું કે જયભિખ્ખુમાં ખુમારી, નિખાલસતા અને નિષ્ઠાનો ત્રિવેણીસંગમ જોવા મળે છે. આ પ્રસંગે શ્રી ગુર્જર ગ્રંથરત્નના મોવડી અને જયભિખ્ખુ શતાબ્દી ઉત્સવ સમિતિના અગ્રણી મનુભાઈ શાહે જયભિખ્ખુને એક મૂલ્યનિષ્ઠ સર્જક તરીકે ઓળખાવ્યા હતા.

## ભદ્રેસર (જિ.સાબરકાંઠા) મુકામે સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૩-૧૨-૧૪ના રોજ ભદ્રેસર મુકામે ભાઈશ્રી ધુળાભાઈ ખાનાભાઈ વણકર પરિવાર (પૂજ્યશ્રી લાલજીબાપા મુમુક્ષુ મંડળ) તરફથી સુંદર સત્સંગ મેળાવડાનું આયોજન કરવામાં આવ્યું હતુ.

પૂજ્યશ્રીની આજ્ઞા તથા આશીર્વાદ લઈ પૂજ્ય બહેનશ્રી, આદ.બા.બ્ર. શ્રી સુરેશજી, આદ. બા.બ્ર. બહેનશ્રી જનકબેન, બહેનશ્રી હસ્મિતાબેન,ભાઈશ્રી દીપકભાઈ, ભાઈશ્રી જોઈતારામભાઈ, શ્રી બાદરભાઈ વગેરે ભદ્રેસર ગયા હતા. પૂજ્ય બહેનશ્રીએ 'ભક્તિ કરતાં છૂટે મારા પ્રાણ' એ પદના ભાવાર્થ તથા પરમાર્થ વિશે ઉદ્‌બોધન કર્યું હતું, જે પદ બહેનશ્રી જનકબહેને પ્રથમ લીધું હતું. આદ. શ્રી સુરેશજીએ 'પ્રભુનું નામ રસાયણ સેવે...' પદના આધારે પ્રભુનામરૂપી ઔષધ સાથે સુંદર આચરણરૂપ પથ્ય પાળવા જણાવ્યું હતું.

પૂજ્યશ્રી નાનજીદાદા (રખિયાલ)એ ભાવવાહી ભક્તિથી સૌના ભાવ ઉલ્લસિત કર્યા હતા. બા.બ્ર. પૂજ્યશ્રી લાલજી મહારાજે પોતાની આગવી શૈલીમાં ભક્તિભાવથી સત્સંગ કરાવ્યો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ભાવિક મુમુક્ષુ શ્રી શામળભાઈએ કર્યુ હતું. ઘણી સારી સંખ્યામાં ભાવિક ભાઈ-બહેનો સત્સંગમાં આવ્યા હતા. આવા સુંદર આયોજન માટે શ્રી ધુળાભાઈ પરિવાર તથા સૌને સંસ્થા તરફથી અનકેશઃ ધન્યવાદ.

## પ્રભુ-ગુરુના ચિત્રપટાદિની સ્થાપના સાનંદ-સંપન્ન

આદ.શ્રી હેમાંગભાઈ ભરતભાઈ શાહ તથા તેમના નાનાભાઈ આદ.શ્રી પારસભાઈ ભરતભાઈ શાહના અમદાવાદમાં નવા નિવાસસ્થાને પૂજ્યશ્રીના હસ્તે શ્રી મહાવીર પ્રભુ તથા શ્રી પરમકૃપાળુદેવના ચિત્રપટોની સ્થાપનાનો કાર્યક્રમ તા. ૧૫-૧૨-૨૦૧૪ના રોજ સંપન્ન થયો. બપોરે પૂજ્યશ્રી થોડા મુમુક્ષુ ભાઈબહેનો સાથે ભાઈશ્રી હેમાંગભાઈના નવા નિવાસસ્થાને પધાર્યા હતા. પૂજ્યશ્રીના શુભહસ્તે શ્રી મહાવીર ભગવાન તથા પરમકૃપાળુદેવના ચિત્રપટોની પૂજા કરી, બંને ઘેર-પૂજાના રૂમમાં ભક્તિભાવપૂર્વક સ્થાપના કરાવી હતી. સ્થાપનાવિધિ માટે તેઓએ સુંદર આયોજન કર્યુ હતુ. સ્થાપના નિમિત્તે તેઓએ કોબા આશ્રમમાં શ્રી આત્મસિદ્ધિપારાયણ તથા સ્વામિવાત્સલ્યની ભાવના દર્શાવી હતી.

ભાઈશ્રી હેમાંગભાઈ, આપણી સંસ્થાના પૂર્વ ટ્રસ્ટીશ્રી તથા સેક્રેટરી અને ઉત્તમ સાધક એવા સ્વ. શ્રી હરિભાઈ મોહનલાલ તથા બહેનશ્રી કાંતાબેન હરિભાઈના પૌત્ર છે. તેથી પૂજ્યશ્રીએ સ્થાપના પ્રસંગે ખાસ તેઓને યાદ કરીને સ્મરણાંજલિ આપી હતી. બંને ભાઈઓને પણ પૂજ્યશ્રી તથા સંસ્થા પ્રત્યે ઘણો આદરભાવ છે. આવી સુંદર ભાવના માટે સંસ્થા તરફથી તેઓને ખૂબ ખૂબ ધન્યવાદ.

## જૈનસાહિત્ય જ્ઞાનસત્ર - ૧૨

અર્હમ્ સ્પિરિચ્યુઅલ સેન્ટર સંચાલિત સૌરાષ્ટ્રકેસરી પ્રાણગુરુ જૈન ફિલોસોફીકલ ઍન્ડ લિટરરી રિસર્ચ સેન્ટર આયોજિત અખિલ ભારતીય સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના મુખપત્ર 'જૈન પ્રકાશ' શતાબ્દી પ્રસંગે, શ્રી બૃહદ્ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘ પ્રેરિત 'જૈન સાહિત્ય જ્ઞાનસત્ર-૧૨'નું આયોજન તા. ૧૪ અને ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૫ના દિવસે પારસધામ, ઘાટકોપર ખાતે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના પ્રમુખસ્થાને યોજવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગુણવંત બરવાળિયા સંપાદિત 'જ્ઞાનધારા' અને 'ગુરુમહિમા' ગ્રંથનું વિમોચન ખીમજીભાઈ છાડવા અને બકુલભાઈ એન. ગાંધીના હસ્તે થશે.

જૈન જ્યોતિર્ધર વીરચંદ રાઘવજી ગાંધીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તેમના જીવન-કાર્ય વિશે પાવર પૉઈન્ટ પ્રેઝન્ટેશન થશે. ભારતભરના વિવિધ ક્ષેત્રોમાંથી ૫૫ (પંચાવન) જેટલા વિદ્વાનો આ સત્રમાં ભાગ લેશે.

## વૈરાગ્ય સમાચાર

**[૧] ભિલોડા :** આપણી સંસ્થા સાથે સંકળાયેલ આદ. શ્રી કમળાબેન જયંતિભાઈ શાહના ભાભી **શ્રીમતી શારદાબેન અમૃતલાલ ગાંધી**નું તા. ૯-૧૨-૧૪ના રોજ ૭૫ વર્ષની ઉંમરે દેહાવસાન થયું છે. તેઓ 'દિવ્યધ્વનિ'ના આજીવન સભ્ય હતા. તેઓ સ્વભાવે શાંત, ધાર્મિક વૃત્તિના, મિલનસાર સ્વભાવના હતા. સાત્ત્વિક જીવન જીવીને અંતસમયે ભક્તિસભર વાતાવરણમાં તેઓશ્રીએ નશ્વર દેહનો ત્યાગ કર્યો. તેઓના કુટુંબીજનોએ શ્રી ૧૦૦૮ ચંદ્રપ્રભુજી બાવન જિનાલય તથા શ્રી ૧૦૦૮ શાંતિનાથ જૈન કીર્તિસ્તંભ, ભિલોડાની પ્રતિષ્ઠામાં સૌધર્મ ઈન્દ્ર બનવાનો લાભ લીધો હતો. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

---

## જયપુર તીર્થયાત્રા

(પાના નં. ૩૭ પરથી ચાલુ...)

મો. ૦-૯૭૮૫૬૪૩૨૦૨). ત્યાંના અધિષ્ઠાતા અને પુરાણા પરિચયી આદ.પં. ડૉ. હુકમચંદજી અને ગુણમાલાજી ભારિલ્લ તથા તેમના સુપુત્ર આદ.પં. ડૉ. પરમાત્મપ્રકાશજીએ જાત્રા સંઘનું હૃદયના ઉમળકાથી સ્વાગત કર્યું. તેમની સાથે ધર્મવાર્તામાં ભારિલ્લજીએ ક્રમબદ્ધ પર્યાય, પાંચ સમવાય વગેરે વિષયો પર પ્રકાશ પાડ્યો. ત્યાં સીમંધર જિનાલય અને પંચમૂર્તિ મહાવીર જિનાલયમાં દર્શન કર્યા. ત્યાંથી ૭ વાગ્યે નીકળીને જયપુર રેલ્વે સ્ટેશન પહોંચ્યા અને બીજે દિવસે સવારે (સોમવાર, ડિસેમ્બર ૮) કોબા સુખરૂપ પહોંચી ગયા.

**(૬) પ્રકીર્ણ :**

દેવ-ગુરુ-ધર્મની કૃપાથી જાત્રા સાનંદ સંપન્ન થઈ. તેની સફળતામાં ઘણા મુમુક્ષુઓનો ફાળો હતો. મુખ્યપણે જયપુરના ધીરજભાઈ જોતવાર (પદમપુરામાં રહેવા માટે), જયપુરના પ્રમોદભાઈ (બે બસની ગોઠવણ), કોબાના અલકાબેન જૈન (જાત્રા કાર્યક્રમ, પદમપુરા રહેવાનું અને પૂ.આચાર્યશ્રીના સંઘ સાથે પ્લાનીંગ), કોબાના વીણાબેન (ટ્રેઈનની બર્થ, બસની સીટ, ધર્મશાળાની રૂમો વગેરેની વહેંચણી અને વ્યવસ્થા તથા આહાર-નાસ્તા સંબંધી), કોબાના હસ્મિતાબેન (જાત્રા કાર્યક્રમ), પંકજભાઈ (મુંબઈના જાત્રાળુઓની વ્યવસ્થા) તથા યાત્રા સમિતિ (મહેન્દ્રભાઈ ખંધાર, પંકજભાઈ શાહ, વીણાબેન ખંધાર, નવીનભાઈ શાહ) વગેરેનો હૃદયપૂર્વક આભાર. ■ ■ ■

# સંસ્થા આયોજિત જયપુરની ધર્મયાત્રાની તસવીરો


(તા. ૩-૧૨-૨૦૧૪ થી તા. ૮-૧૨-૨૦૧૪)



શ્રી ચૂલગિરિ તીર્થ (જયપુર)



સસંઘ બિરાજમાન પૂ.આચાર્ય ૧૦૮શ્રી ગુપ્તિનંદીજી



વોટરપેલેસ, જયપુર



આદ.પં.શ્રી હુકમચંદ ભારિલ્લજી સાથે
(શ્રી ટોડરમલ સ્મારક, જયપુર)

## સંસ્થા દ્વારા જરૂરતમંદોને ધાબળાનું વિતરણ





**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017**
**Publication Date 15th of every month**

## કોબા જાત્રાસંઘ (જયપુર)



### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૧ સ્વ. બહેનશ્રી હંસાબેન ધનસુખલાલ સંઘવીના સ્મરણાર્થે**

હસ્તે : આદ. શ્રી તરુલતાબેન નવીનચંદ્ર સંઘવી, સેટેલાઇટ, અમદાવાદ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

---

'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૫ના અંક માટે રૂા. ૧૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**૨ સ્વ. રંજનબેન હર્ષદભાઈ નાગોરીના સ્મરણાર્થે**

હસ્તે : આદ. શ્રી જયેશભાઈ હર્ષદભાઈ નાગોરી, અમદાવાદ

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah